# આત્મધર્મ

માસિક : વર્ષ-૧૧ * અંક-૧૧ * જુલાઈ, ૨૦૧૭



વીર સભામાં આજ ગૌતમ પધાર્યા,
અમૃત વરસ્યા મેહ રે;
વીરજીની વાણી છૂટી રે.



અષ્ટાહ્નિકા પર્વમાં નંદીશ્વરદ્વીપમાં
પૂજન-ભક્તિ કરતા દેવગણ

# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

● પ્રાણીઓનો સંચાર જ એક ઉત્કૃષ્ટ શત્રુ છે તથા રત્નત્રય જ એક ઉત્કૃષ્ટ મિત્ર છે. તેના સિવાય બીજા કોઈ શત્રુ અથવા મિત્ર નથી. જેણે તે રત્નત્રયરૂપ મિત્રના અવલંબનથી તે દુર્જય સંસારરૂપ શત્રુને જીતી લીધો છે તે અજિત જિનેન્દ્રથી મને સમીચીન સુખ પ્રાપ્ત થાવ. ૧૬૨૩.

(શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ, સ્વયંભૂ-સ્તુતિ, શ્લોક—૨)

● આત્માનુશાસન ગ્રંથમેં શ્રી ગુણભદ્રાચાર્યને કહા હૈ કિ પહલે સમયમેં ઐસે સત્પુરુષ હો ગયે હૈં કિ જિનકે વચનમેં સત્ય, બુદ્ધિમેં શાસ્ત્ર ઔર મનમેં દયા, પરાક્રમરૂપ ભુજાઓમેં શૂરવીરતા, યાચકોંમેં પૂર્ણ લક્ષ્મીકા દાન ઔર મોક્ષમાર્ગમેં ગમન હૈ, વે નિરભિમાની હુએ, જિનકે કિસી ગુણકા અહંકાર નહીં હુઆ. ઉનકે નામ શાસ્ત્રોમેં પ્રસિદ્ધ હૈં. પરંતુ અબ બડા અચંભા હૈ, કિ ઈસ પંચમકાલમેં લેશમાત્ર ભી ગુણ નહીં હૈં, તો ભી ઉનકે ઉદ્ધતપના હૈ, યાની ગુણ તો રંચમાત્ર ભી નહીં ઔર અભિમાનમેં બુદ્ધિ રહતી હૈ. ૧૬૨૪.

(શ્રી યોગીન્દ્રદેવ, પરમાત્મપ્રકાશ, અધિ—૨, ગાથા—૬૦ના ભાવાર્થમાંથી)

● મને મારા આત્મસ્વરૂપને નહિ દેખતો આ લોક—અજ્ઞાની પ્રાણીગણ મારો શત્રુ નથી અને મિત્ર નથી, તથા મને—મારા આત્મસ્વરૂપને યથાર્થપણે દેખતો આ લોક—જ્ઞાની જીવગણ ન મારો શત્રુ છે અને ન મિત્ર છે. ૧૬૨૫.

(શ્રી પૂજ્યપાદસ્વામી, સમાધિતંત્ર, ગાથા—૨૬)

● જો હલાહલ વિષ શીઘ્ર હી પ્રાણોંકો હરનેવાલા હૈ ઉસકા પી લેના કહીં અચ્છા હૈ, પરંતુ પ્રાણીયોંકો નિરંતર દુઃખ દેનેવાલે મધુકા ભક્ષણ કરના યોગ્ય નહીં હૈ. ૧૬૨૬.　(શ્રી અમિતગતિ આચાર્ય, સુભાષિતરત્નસંદોહ, શ્લોક—૫૫૧)

● ચંડાલ, ઉલ્લૂ(ઘુવડ), બિલાવ, ભેડિયા ઔર કુત્તા આદિ યદ્યપિ નિંદિત હૈં તથાપિ ઈન્હેં અનેક લોગ અંગીકાર કરતે હૈં, પરંતુ અસત્યવાદીયોંકો કોઈ અંગીકાર નહીં કરતાં. અતએવ અસત્યવાદી ઈન સબસે ભી અધિક નિંદનીય હૈ. ૧૬૨૭.　(શ્રી શુભચંદ્ર આચાર્ય, જ્ઞાનાર્ણવ, સર્ગ—૯, શ્લોક-૩૫)

● આચાર્ય કહે છે કે હે ભવ્ય જીવો ! ત્રણ લોકરૂપી ઘરના સ્વામી એવા ચૈતન્યસ્વરૂપ તેજને તમે સમજો; કેમ કે હું એવી શંકા કરું છું કે એક ચૈતન્યસ્વરૂપ તેજના વિના આ ત્રણ લોકરૂપી ઘર પણ વન સમાન છે. ૧૬૨૯.

(શ્રી પદ્મનંદી આચાર્ય, એકત્વસપ્તતિ, શ્લોક—૫૧)

વર્ષ–૧૧
અંક–૧૧




વિ. સંવત
૨૦૭૩
July
A.D. 2017



## શ્રી સમયસારજી શાસ્ત્ર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન




### ધ્રુવસ્વભાવમાં એકત્વપણે પરિણમવું તેમાં જ જીવની શોભા છે.

આત્મા 'સમય' છે; તે એકીભાવે પોતાના ગુણ-પર્યાયપણે પરિણમે તે લોકમાં સર્વત્ર સુંદર છે. ધ્રુવમાં એકત્વ થવાથી જે પરિણમન થયું તેને અહીં 'આત્મા' કહ્યો છે. ધ્રુવમાં એકત્વપણે ગુણ-પર્યાય પરિણમે તે સર્વત્ર સુંદર છે. પરંતુ પોતે પોતામાં સ્થિત થવાને—પોતાના સ્વભાવરૂપ પરિણમવાના—બદલે વિકારરૂપ પરિણમે છે તે દ્વિવિધપણું છે, તેથી અસુંદર છે.

**એકત્વનિશ્ચય–ગત સમય સર્વત્ર સુંદર લોકમાં,**
**તેથી બને વિખવાદિની બંધનકથા એકત્વમાં. ૩.**

અર્થ :—એકત્વનિશ્ચયને પ્રાપ્ત જે સમય છે તે લોકમાં બધેય સુંદર છે; તેથી એકત્વમાં બીજાના સાથે બંધની કથા વિસંવાદ-વિરોધ કરનારી છે.

આત્મા પોતાના દ્રવ્યમાં એકત્વ થઈને પરિણમે છે તે સ્વસમય છે; આત્મા પોતાનામાં નહીં પરિણમતાં પરમાં—વિકારમાં પરિણમે તે પરસમય છે; તેનાથી દ્વિવિધપણું ઉત્પન્ન થાય છે, તેથી તે બાધિત છે. તે વાત સમયસારની આ ગાથામાં સમજાવવામાં આવી છે.

> **ત્યમ જ્ઞાનીને પણ પ્રત્યયો જે પૂર્વકાળનિબદ્ધ તે**
> **બહુવિધ બાંધે કર્મ, જો જીવ શુદ્ધનયપરિચ્યુત બને. ૧૮૦.** —**શ્રી સમયસાર**

જે કોઈ જેટલા પદાર્થો છે તે બધાય નિશ્ચયથી એકત્વપૂર્વક પોતાના ગુણપર્યાયોને પ્રાપ્ત હોવાથી સુંદર છે. સૌ પોતપોતાના ગુણપર્યાયોને પ્રાપ્ત છે, અને તેથી સર્વસંકર આદિ દોષોથી રહિત છે. જો તેઓ નિશ્ચયથી એકત્વને પ્રાપ્ત ન હોય તો એક દ્રવ્ય બીજા દ્રવ્યમાં ભળી જવાથી એક દ્રવ્ય બીજા દ્રવ્યરૂપ થઈ જાય અથવા તો એક દ્રવ્ય બદલીને બીજાદ્રવ્યરૂપ થઈ જવાથી એક દ્રવ્યનો નાશ થઈ જાય. આમ બધા પદાર્થો નિશ્ચયથી એકત્વપૂર્વક નિજ ગુણ-પર્યાયોના આધારરૂપ પોતાના દ્રવ્યસ્વભાવમાં સ્થિત હોવાને લીધે શાશ્વત ટકી રહ્યા છે.

કેવા છે તે સર્વ પદાર્થો ? કે દરેક પદાર્થ પોતાના દ્રવ્યમાં અંતર્મગ્ન રહેલા પોતાના અનંત ધર્મોને સ્પર્શે છે, ચુંબે છે, આલિંગન કરે છે તોપણ પરસ્પર એક દ્રવ્ય બીજા દ્રવ્યને સ્પર્શતું નથી. આત્મા કર્મને સ્પર્શતો નથી, કર્મ આત્માને સ્પર્શતું નથી; આત્મા દેહને સ્પર્શતો નથી, દેહ આત્માને સ્પર્શતો નથી. સોયની અણી જેવડા કંદમૂળના કણમાં રહેલા અસંખ્યાત શરીર એકબીજાને સ્પર્શતા નથી; તેના એક એક શરીરમાં રહેલા અનંત નિગોદના જીવ એકબીજાને સ્પર્શતા નથી. એક એક જીવ જે કાર્મણ-તૈજસ બે શરીર તે એકબીજાને સ્પર્શતા નથી. લોકાગ્રે બિરાજમાન એક સિદ્ધના ક્ષેત્રમાં બીજા અનંત સિદ્ધો બિરાજી રહ્યા હોવા છતાં તેઓ પરસ્પર સ્પર્શતા જ નથી. અહીં પણ ચાલવાની ક્રિયા વખતે પગ જમીનને અડતો જ નથી, કારણ કે શરીરનાં પુદ્ગલો ગુણ-પર્યાયરૂપ નિજ ધર્મોને ચુંબતાં—સ્પર્શતા—અડતાં હોવા છતાં જમીન આદિ અન્ય પુદ્ગલોને ચુંબતા—સ્પર્શતાં—અડતાં નથી. જેટલા ગુણો સર્વવ્યાપક આકાશના છે તેટલા ગુણો એકપ્રદેશી પરમાણુમાં છે. આવો એક પરમાણુ બીજા પરમાણુને સ્પર્શતો જ નથી. એક દ્રવ્યનો બીજા દ્રવ્યમાં અભાવ છે, અભાવનું ભાવરૂપ સ્પર્શવું કેમ બને ? દરેક દ્રવ્ય પોતાનામાં સ્વયંસિદ્ધ પરિણમી રહ્યું છે, તેને અન્ય કોઈ સાથે સંબંધ નથી.

આત્મા પોતાના દ્રવ્યમાં એકત્વ થઈને પરિણમે છે તે 'સ્વસમય' છે; તે આત્મા, પોતાનામાં—એકત્વમાં નહીં પરિણમતાં, પરમાં—વિકારમાં પરિણમે તે 'પરસમય' છે, ધ્રુવમાં એકત્વપણે પરિણમવાને બદલે, ધ્રુવનું એકત્વપણું છોડીને રાગરૂપ પરિણમવું તે દ્વિવિધપણું થયું, તેથી તે બાધારૂપ છે.

અહીં નિર્મળ પર્યાયને પોતાનું કાર્ય કહીને તે પર્યાય સહિત જીવને જ આત્મા કહ્યો છે. ધ્રુવના આશ્રયે થતી જે નિર્મળ પરિણતિ તે સહિત આત્માને 'સ્વસમય' કહ્યો છે. નિયમસારની ૫૦મી ગાથામાં નિર્મળ પર્યાયને પરદ્રવ્ય કહ્યું છે. મોક્ષમાર્ગનો હેતુ

**ઉપયોગમાં ઉપયોગ, કો ઉપયોગ નહિ ક્રોધાદિમાં,**
**છે ક્રોધ ક્રોધ મહીં જ, નિશ્ચય ક્રોધ નહિ ઉપયોગમાં. ૧૮૧. –શ્રી સમયસાર**

ત્રિકાળી ધ્રુવ શુદ્ધાત્મદ્રવ્યસામાન્યરૂપ કારણપરમાત્મા છે, તેના આશ્રયે પ્રગટેલી નિર્મલ પર્યાયને ત્યાં પરદ્રવ્ય કહી છે. ત્યાં ત્રિકાળી દ્રવ્યને ધ્યેય બતાવવું હોવાથી એમ કહ્યું છે. પ્રવચનસારની ૧૭૨મી ગાથાની ટીકામાં અલિંગગ્રહણના ૧૮-૧૯મા બોલમાં જે કહ્યું છે તે અભેદ એકરૂપ દૃષ્ટિનો વિષય છે તેની વાત કરી છે. ત્યાં અભેદ એકરૂપ આત્મા પોતાના ગુણ—પર્યાયરૂપ ભેદને સ્પર્શતો નથી એમ એક જ દ્રવ્યની અંદર-અંદરના બેની ભિન્નતાની વાત છે. અહીં તો પરદ્રવ્યથી સર્વથા ભિન્ન બતાવવા હોવાથી દરેક દ્રવ્ય પોતાના ગુણપર્યાયોને સ્પર્શે છે એમ કહ્યું છે.

સમ્યગ્દર્શનનો વિષય તો એકલું ધ્રુવ-શુદ્ધાત્મદ્રવ્યસામાન્ય છે, તે જ આશ્રય કરવાલાયક છે. નિર્મળ પર્યાય પણ આશ્રય કરવા લાયક નથી. અહીં તો પરથી ભિન્ન પાડવા માટે ધ્રુવના આશ્રયે થતું જે શુદ્ધ પરિણમન, તે સહિત આત્મા કહ્યો છે, 'સ્વસમય' કહ્યો છે, ને રાગરૂપ જે પરિણમવું તેને 'પરસમય' કહ્યો છે. આ રીતે આત્મામાં પરસમયરૂપ દ્વિવિધપણું ઉત્પન્ન થતું હોવાથી તે બાધારૂપ છે, વિઘ્નરૂપ છે માટે છોડવું જોઈએ. જેને પર્યાયદૃષ્ટિ છૂટી ગઈ છે ને દ્રવ્યદૃષ્ટિ થઈ છે તેને પોતાનો આત્મા સદા સુંદર લાગે છે અને બીજાના આત્માઓને પણ શક્તિસ્વભાવે શુદ્ધ ચૈતન્યઘનરૂપ સુંદર દેખે છે.

અત્યંત નિકટ એકક્ષેત્રાવગાહરૂપે અનંતા પદાર્થો રહ્યા હોવા છતાં તેઓ સદાકાળ પોતાના સ્વરૂપથી પડતા નથી. ક્ષેત્ર એક હોવા છતાં સત્તા ભિન્ન-ભિન્ન છે. પોતાના સ્વરૂપથી નહીં પડતા થકા, પરરૂપે નહીં પરિણમવાને લીધે અનંત વ્યક્તિતા નાશ પામતી નથી અર્થાત્ પદાર્થની જે સંખ્યા અનંતકાળ પૂર્વે હતી તે જ સંખ્યા સદાય રહે છે, તેથી તેઓ શાશ્વત સ્થિત છે.

ઉત્પાદ ને વ્યય એટલે કે ઊપજવું ને નાશ પામવું એ બંને વિરુદ્ધ કાર્ય છે અને ધ્રુવ—ધ્રુવરૂપ રહે તે અવિરુદ્ધ કાર્ય છે. બધા પદાર્થો પોતાનાં વિરુદ્ધ તથા અવિરુદ્ધ કાર્ય વડે ટંકોત્કીર્ણ, જેવા ને તેવા શાશ્વત સ્થિત રહ્યા હોવાથી વિશ્વને ટકાવી રાખે છે.

આ પ્રમાણે સર્વ પદાર્થો પોતપોતાના સ્વભાવમાં સ્થિત રહ્યા હોવાથી શોભા પામે છે; પરંતુ જીવ નામના સમયને, અનાદિથી કર્મનું નિમિત્ત પામીને, રાગરૂપ પરિણમનથી દ્વિવિધપણું છે તેથી જીવમાં વિસંવાદ ખડો થાય છે. તે અસુંદર છે; ધ્રુવમાં પરિણમન કરવું તે એકપણું છે, તે જ સુંદર છે ને તેનાથી જ આત્માની શોભા છે. (ક્રમશઃ)

**ઉપયોગ છે નહિ અષ્ટવિધ કર્મો અને નોકર્મમાં,**
**કર્મો અને નોકર્મ કંઈ પણ છે નહિ ઉપયોગમાં. ૧૮૨. —શ્રી સમયસાર**




## શ્રી નિયમસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન



(તા. ૫-૫-૪૪, શુક્રવાર) વ્યાખ્યાન નં. ૧૬
(ગાથા ૧૪)

ટીકાકાર કહે છે કે :—

(માલિની)

अथ सति परभावे शुद्धमात्मानमेकं
सहजगुणमणीनामाकरं पूर्णबोधम्।
भजति निशितबुद्धिर्यः पुमान् शुद्धदृष्टिः
स भवति परमश्रीकामिनीकामरूपः॥२४॥

જે મનુષ્ય ઉત્કૃષ્ટ ભાવે કરીને નિર્મળ બુદ્ધિવાળો થઈને સ્વાભાવિક ગુણરત્નોની ખાણ એવા પૂર્ણ જ્ઞાનમય પોતાના શુદ્ધ આત્માનું ભજન કરે છે તે શુદ્ધ સમ્યગ્દષ્ટિ જીવ મુક્તિરૂપી સ્ત્રીને પામે છે.

આમાં સમ્યગ્દર્શનની પણ વ્યાખ્યા આવી જાય છે. સમ્યગ્દર્શનનું સ્વરૂપ જાણ્યા વિના, દુનિયાએ તેને ઘરઘરની ચીજ કરી નાંખી છે, મોટો ભાગ વીતરાગનો માર્ગ જ ભૂલી ગયા છે. દેહ, મન-વાણીની ક્રિયા રહિત ભગવાન આત્મા સ્વાભાવિક ગુણરત્નોની ખાણ છે—તે અંદર લક્ષ કરે તો ગુણો પ્રગટે. જ્યાં હોય ત્યાં ખોદે તો નીકળેને! માટીની ખાણ ગમે તેટલી ખોદે તોપણ તેમાંથી અનાજ નીકળે નહીં, તેમ પુણ્ય-પાપના વિકારની ખાણ અનાદિથી ખોદે છે, પણ તે તો રાગ છે—વિકાર છે તેમાંથી અવિકારી ધર્મ પ્રગટે નહીં. માવો જોઈતો હોય તો અફીણવાળાની દુકાને ન પૂછે પણ કંદોઈને ત્યાં જ જાય, એમાં ખબર પડે, પણ ધર્મ ક્યાં મળે? ધર્મની દુકાન ક્યાં છે? તેની ખબર ન મળે. કોઈ સ્થાનમાં, વાણીમાં કે ચોપડામાં ધર્મ નથી, ધર્મ તો આત્મામાં છે, બીજે ક્યાંય નથી. આત્મા જ અંદર સ્વાભાવિક ગુણનો ઢગલો છે, પણ તેની ખબર નથી તેથી બહારમાં માન્યું છે કે—દયા કરી અથવા પર જીવને બચાવી દીધો એમાં ધર્મ થઈ ગયો; પણ એવા દયાદિના શુભભાવ તો અનંતવાર કરી ચૂક્યો, પરંતુ આત્માને ઓળખ્યો નહીં, અને આત્માને ઓળખ્યા વગર ધર્મ થયો નહિ.

> આવું અવિપરીત જ્ઞાન જ્યારે ઉદ્‌ભવે છે જીવને,
> ત્યારે ન કંઈ પણ ભાવ તે ઉપયોગશુદ્ધાત્મા કરે. ૧૮૩. —શ્રી સમયસાર

કોઈ કહે કે—આત્મા તો કેવળજ્ઞાન થાય ત્યારે ઓળખાયને? તો તેમ નથી. આ તો હજી મુનિદશા ને શ્રાવકદશા પહેલાંની, સમ્યગ્દર્શનની ભૂમિકાની વાત છે. મન, વાણી, દેહથી નિરાળા આત્મસ્વરૂપનું ભાન કરવું તે સમ્યગ્દર્શન છે, અને તે દરેક જીવ પુરુષાર્થથી કરી શકે છે. જેની મેલી બુદ્ધિ છે તે બહારમાં પુણ્યાદિની ક્રિયામાં આત્માના ગુણ શોધે છે, અને જેની નિર્મળબુદ્ધિ છે તે એકલા જ્ઞાનમય સ્વભાવમાં જ પરિપૂર્ણ ગુણો ભર્યા છે તેમાં શોધે છે. વસ્તુ તો પરિપૂર્ણ ત્રિકાળ પડી જ છે, પર્યાયદષ્ટિથી જુએ છે તેથી અધૂરું લાગે છે. નિર્મળ દષ્ટિવાળો તો નિર્મળ એકરૂપ શુદ્ધ આત્માનું (જે અહીં ઘણા દિવસ થયા વર્ણવાય છે તેનું) જ ભજન કરે છે. પરનું—ભગવાનનું ભજન તો શુભરાગ છે; પાપભાવ ટાળવા પૂરતી દેવ, ગુરુની ભક્તિ છે. અહીં તો પોતાનું જ ભજન કરવાનું કહ્યું છે કેમકે પોતામાટે તો ભગવાન કરતાં પણ પોતે જ મોટો છે. ભગવાન ગમે તેટલું કહે પણ પોતે ન માને તો? જ્યારે પોતે માને ત્યારે પોતે (પોતામાં) મોટો થયો. ભગવાન કાંઈ કોઈને સમજાવી દેતા નથી, કે ભક્તિ કરવાથી રાજી થતા નથી, તે તો વીતરાગ છે.

પ્રશ્ન :—લોગસ્સમાં ''तीथ्थयरा मे पसीयंतु'' એટલે કે તીર્થંકર મને પ્રસન્ન થાઓ એમ કહ્યું છે ને?

ઉત્તર :—ત્યાં તો નિમિત્તથી કહ્યું છે. ભગવાનને રાગ નથી તેથી કોઈ ઉપર પ્રસન્ન થાય નહીં. ''तीथ्थयरा मे पसीयंतु'' એમ નિમિત્તથી બોલાય, પણ ખરેખર તો અંદર પોતાના સ્વરૂપની પ્રસન્નતા માગી છે.

અહીં ટીકાકાર કહે છે કે :—

(માલિની)

इति परगुणपर्यायेषु सत्सूत्तमानां
हृदयसरसिजाते राजते कारणात्मा।
सपदि समयसारं तं परं ब्रह्मरूपं
भज भजसि निजोत्थं भव्यशार्दूल स त्वम्।।२५।।

જે ગુણ ગોતે છે તે ગોતનારામાં જ ગુણ ભર્યા છે. ઉત્કૃષ્ટ ગુણો અને નિર્મળ

જયમ અગ્નિતપ્ત સુવર્ણ પણ નિજ સ્વર્ણભાવ નહીં તજે,
ત્યમ કર્મઉદયે તપ્ત પણ જ્ઞાની ન જ્ઞાનીપણું તજે. ૧૮૪. –શ્રી સમયસાર

પર્યાય પ્રગટ કરે ત્યારે તેના અંતરમાં કારણરૂપ જે ત્રિકાળી દ્રવ્ય પડ્યું છે તે શોભાયમાન કહેવાય છે. અંતરમાં કારણ તો બધા જીવોને સરખું જ પડ્યું છે, પણ કાર્યરૂપ પર્યાયથી ઉત્તમ હોવાથી કારણરૂપ આત્મા શોભાયમાન છે.

આચાર્યદેવ પડકાર કરે છે કે ભવ્યરૂપી સિંહ! જેમ સિંહનો સ્વભાવ મૃગલાને મારી નાંખવાનો છે, તેમ તારો સ્વભાવ પ્રકૃતિના રાગાદિને તોડી નાંખવાનો—નાશ કરવાનો છે. તું સિદ્ધસમાન શાર્દૂલ—સિંહ છો.

હે ભવ્યરૂપી સિંહ! તું ત્રણલોકનો નાથ ચૈતન્ય ભગવાન છો! એકવાર તારી ઓળખાણ તો લાવ! જેને સ્વભાવ હજી દૃષ્ટિમાં આવ્યો નથી અને વ્રત-તપ કરવા માંડ્યા તેને સમજાવે છે કે (શુભભાવમાં) આત્માનો ધર્મ પેસી ગયો નથી. પહેલાં તો સ્વભાવનું ભાન જોઈએ. અહીં ભવ્યોને જ લીધાં છે, અભવ્યની વાત જ નથી. પહેલાં આત્માના સ્વરૂપની ઓળખાણ કરાવી, પછી પરબ્રહ્મરૂપ સમયસાર એવા શુદ્ધ આત્માની જ સેવા કરવાનું કહ્યું.

હે શાર્દૂલ—સિંહ! ચૈતન્ય ભગવાન! દેહદેવળમાં સંતાયેલો તું પરમ બ્રહ્મ પરમાત્મા જ છો. તારે માટે તું જ મોટો છો, તું ન સમજ તો સાક્ષાત્ તીર્થંકરદેવ પણ તને સમજાવી શકે નહીં; તારી ચૈતન્યજ્યોતમાં અનંતા ગુણો ભર્યા છે, તેની ઓળખાણ કરવી એ જ સમ્યગ્દર્શન છે, અને તેમાં એકાગ્રતા કરતાં કેવળજ્ઞાન પ્રગટે છે. તારી પૂર્ણતા તારા સ્વભાવમાં તો ત્રિકાળ પ્રગટે જ છે. એકરૂપ ચૈતન્યદીવો દર્શન, જ્ઞાન, ચારિત્ર, આનંદનો પિંડ સ્વભાવમાં જ ઉદયમાન છે. જેમ સૂર્ય તો પૂર્ણ પ્રગટ જ હોય, પણ પોતાની આંખ આડે છાબડી રાખીને જુએ તો આખો સૂર્ય પ્રગટ હોવા છતાં તેને દેખાય નહીં, ત્યાં સૂર્ય ઢંકાયો નથી પણ જોનારની દૃષ્ટિમાં આડ છે. તેમ આત્મા તો સ્વભાવમાં પૂર્ણ પ્રગટ ઉદયમાન છે, પણ પોતાની અવસ્થામાં પૂરો ન માન્યો તેથી સૂર્યરૂપ આખું અખંડાનંદ ચૈતન્યસ્વરૂપ દેખાતું નથી, તેનું કારણ અવસ્થામાં ઊંધી માન્યતાની છાબડીએ પોતે ઢંકાયો છે. આખો ચૈતન્યસૂર્ય સ્વભાવે પ્રગટ હોવા છતાં અવસ્થાદૃષ્ટિએ ઢંકાયેલો માન્યો છે. (ક્રમશઃ)

**જીવ જ્ઞાની જાણે આમ, પણ અજ્ઞાની રાગ જ જીવ ગણે,**
**આત્મસ્વભાવ-અજાણ જે અજ્ઞાનતમ-આચ્છાદને. ૧૮૫. –શ્રી સમયસાર**



# વૈરાગ્ય–ભાવના

(શ્રી સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન)

## ૯. નિર્જરાનુપ્રેક્ષા

**बारसविहेण तवसा णियाणरहियस्स णिज्जरा होदि।**
**वेरग्गभावणादो णिरहंकारस्स णाणिस्स॥१०२॥**

**અર્થ :—**જ્ઞાની પુરુષને બાર પ્રકારનાં તપથી કર્મોની નિર્જરા થાય છે. કેવા જ્ઞાનીને થાય છે? જે નિદાન અર્થાત્ ઇન્દ્રિય વિષયોની વાંચ્છારહિત હોય તથા અહંકાર-અભિમાનથી રહિત હોય તેને, વળી શા વડે નિર્જરા થાય છે? વૈરાગ્યભાવના અર્થાત્ સંસાર-દેહ-ભોગથી વિરકત પરિણામોથી થાય છે. ૧૦૨.

બાર પ્રકારનાં સાચાં તપ સમ્યગ્દષ્ટિને જ હોય છે. મિથ્યાદષ્ટિનાં વ્રત-તપને બાળતપ કહ્યાં છે માટે કહ્યું કે જ્ઞાની પુરુષને બાર પ્રકારના તપથી કર્મોની નિર્જરા છે. કેવો છે જ્ઞાની ? જેને નિદાન છૂટી ગયું છે, એટલે કે પર વિષયોની વાંચ્છા છૂટી ગઈ છે ને સ્વવિષયમાં એકાગ્રતા કરે છે. જેને નિદાનશલ્ય, માયાશલ્ય ને મિથ્યાત્વશલ્ય હોય તેને તો શ્રાવકપણું કે મુનિપણું હોતું નથી. વિષયોની વાંચ્છા ન હોય ને પરની ક્રિયાનો અહંકાર ન હોય. ચૈતન્યનું ભાન કરીને તેની ભાવનામાં એકાગ્રતા હોય તેને જ નિર્જરા થાય છે. કેવા પરિણામોથી નિર્જરા થાય છે ? કે ચૈતન્યના ધ્યાન વડે સંસાર-દેહ-ભોગથી વિરક્ત પરિણામ થાય છે તે પરિણામોથી નિર્જરા થાય છે. ભવ-તન-ભોગ એ ત્રણથી વિરક્તિનું વર્ણન ઘણે ઠેકાણે આવે છે. આત્માનો ઉદયભાવ તે સંસાર છે. તેનાથી વિરક્ત થઈને ચૈતન્યસ્વરૂપમાં એકાગ્રતા કરે છે. મુનિને દેહનો સંયોગ હોવા છતાં દેહથી ભિન્ન ચૈતન્યતત્ત્વનું ભાન અને એકાગ્રતા વડે દેહથી વિરક્ત થઈ ગયા છે, તેમને નિર્જરા થાય છે. જેમ નાળિયેરમાં છૂટો ગોળો હોય તેમ દેહથી ભિન્ન ચૈતન્યગોળાનું ભાન કરીને તેના આનંદમાં જે ઠર્યો છે—એવા મુનિને તપ અને નિર્જરા હોય છે.

તપ વડે નિર્જરા થાય છે, પણ જે તપ જ્ઞાનસહિત હોય તે તપ વડે જ નિર્જરા થાય છે. જ્ઞાનસ્વભાવનું ભાન કરીને તેમાં ઉગ્રપણે સ્થિર થતાં આહારાદિની ઇચ્છા છૂટી ગઈ;

> **જે શુદ્ધ જાણે આત્મને તે શુદ્ધ આત્મ જ મેળવે;**
> **અણશુદ્ધ જાણે આત્મને અણશુદ્ધ આત્મ જ તે લહે. ૧૮૬.** **–શ્રી સમયસાર**

તેનું નામ તપ છે ને તેનાથી નિર્જરા થાય છે. બહારમાં હઠ કરીને આહારાદિ છોડે ને અંદરમાં શાંતિનું ભાન ન હોય તે તો અજ્ઞાનતપ છે. અજ્ઞાનીને બાળતપમાં તો મિથ્યાત્વાદિ પોષાય છે ને હિંસા થાય છે, તેવા તપથી તો કર્મ બંધાય છે.

પાર્શ્વનાથ ભગવાન કુમાર દશામાં હતા ત્યારે ફરવા નીકળ્યા, ત્યારે કમઠ તાપસ હોમ કરતો હતો, તેમાં લાકડામાં સર્પ બળી રહ્યા હતા. પાર્શ્વનાથ ભગવાને તે જાણ્યું અને કહ્યું કે આમાં હિંસા થાય છે, આને તપ ન કહેવાય. અહીં તો કહે છે કે આત્માના ભાન વગર દ્રવ્યલિંગી મુનિ થઈને તપ તપે તો તે પણ અજ્ઞાનતપ છે. જે જીવ તપ કરીને તેનું અભિમાન કરે છે, બીજાને પોતાથી હલકો ગણે છે, ક્રોધાદિ કરે છે—તેવા જીવોને નિર્જરા તો નથી પણ બંધન થાય છે. જ્ઞાન સહિત જે વીતરાગ ભાવરૂપ તપ હોય તેનાથી જ નિર્જરા થાય છે. ચૈતન્યનું ભાન ન હોય ને બહારની ક્રિયાના અભિમાનથી તેમાં ધર્મ માની બેસે તેવા જીવને તો સંસારની વૃદ્ધિ થાય છે. ગર્વરહિત એટલે કે ચિદાનંદસ્વભાવના ભાનસહિત તપ વડે નિર્જરા થાય છે. વળી તપથી આ લોક-પરલોક પોતાના ખ્યાતિ-લાભ-પૂજા અને ઇન્દ્રિયોના વિષયભોગ ઇચ્છે તેને તો બંધ જ થાય. નિદાનરહિત તપથી જ નિર્જરા થાય પણ જે સંસાર-દેહ-ભોગમાં આસક્ત થઈ તપ કરે તેનો તો આશય જ શુદ્ધ હોતો નથી, તેથી તેને નિર્જરા પણ થતી નથી. નિર્જરા તો વૈરાગ્યભાવનાથી જ થાય છે, એમ જાણવું.

ચૈતન્યસ્વભાવની એકાગ્રતા સિવાય જેને બીજો કોઈ હેતુ નથી, એવા જીવને જ સમ્યક્તપ હોય છે. જેને ચૈતન્યમાં એકાગ્રતા નથી ને અંદર બીજું કાંઈપણ શલ્ય પડ્યું છે, એવા જીવને સાચું તપ કે નિર્જરા નથી.

આ નિર્જરા અનુપ્રેક્ષાનું સ્વરૂપ ચાલે છે. નિર્જરા એટલે કર્મનું ખરી જવું. તે કર્મનું ખરવું આત્માના ભાનસહિત જીવને પણ થાય છે ને આત્માના ભાન વગરના જીવને પણ થાય છે; પણ તેમાં આત્માના ભાન સહિત કર્મનું ખરવું ને શુદ્ધતાનું વધવું તે જ નિર્જરા ધર્મ છે.

**सव्वेसिं कम्माणं सत्तिविवाओ हवेइ अणुभाओ।**
**तदणंतरं तु सडणं कम्माणं णिज्जरा जाण॥१०३॥**

**अर्थ :**—સમસ્ત જે જ્ઞાનાવરણાદિ આઠ કર્મની શક્તિ એટલે ફળ દેવાના સામર્થ્યનો વિપાક થઈ ઉદય થવો, તેને અનુભાગ કહીએ છીએ. તે ઉદય આવીને તુરત

**પુણ્યપાપયોગથી રોકીને નિજ આત્મને આત્મા થકી,**
**દર્શન અને જ્ઞાને ઠરી, પરદ્રવ્યઇચ્છા પરિહરી, ૧૮૭.** –**શ્રી સમયસાર**

જ તેનું ખરવું-ઝરવું થાય, તેને હે ભવ્ય! તું કર્મની નિર્જરા જાણ. ૧૦૩.

પૂર્વે જે કર્મ બંધાયુ તેનો વિપાક થયો એટલે કે તેનો કાળ પૂરો થયો, તે ઉદય આવીને તુરત ખરી જાય છે, તેને હે ભવ્ય ! તું નિર્જરા જાણ, આ નિર્જરાની સામાન્ય વ્યાખ્યા કરી. હવે તેના બે પ્રકાર કહે છે.

**सा पुण दुविहा णेया सकालपत्ता तवेण कयमाणा।**
**चादुगदीणं पढमा वयजुत्ताणं हवे बिदिया॥१०४॥**

**અર્થ :**—ઉપર કહેલી નિર્જરા બે પ્રકારની છે. એક તો સ્વકાળપ્રાપ્ત અને બીજી તપ વડે થાય તે. તેમાં પ્રથમની સ્વકાળપ્રાપ્ત નિર્જરા તો ચારે ગતિના જીવોને થાય છે તથા બીજી જે તપ વડે થાય છે, તે વ્રતયુક્ત જીવોને થાય છે. ૧૦૪.

આત્માના જ્ઞાનાનંદસ્વભાવનું ભાન કરીને તેમાં એકાગ્રતા થતાં કર્મો ખરી જાય છે અને તે સિવાય કર્મની સ્થિતિનો કાળ પૂરો થતાં કર્મો ખરી જાય છે—એવી નિર્જરા તો બધા જીવોને ક્ષણે-ક્ષણે થયા જ કરે છે. અભવ્યને અને કસાઈ બોકડો કાપતો હોય ત્યારે પણ તેને પૂર્વના કર્મો ખરી તો જાય છે, પણ નવાં તીવ્ર કર્મો બંધાય છે. આ નિર્જરાને ધર્મ ન કહેવાય. આત્માના ચૈતન્યસ્વભાવનું ભાન કરીને તેમાં એકાગ્ર થયો ત્યાં અપૂર્ણ સ્થિતિએ કર્મો ફળ દીધા વગર ખરી જાય છે. ખરેખર તો ત્યાં પણ કર્મો તેની સ્થિતિ પ્રમાણે જ ખર્યાં છે, પણ અહીં ચૈતન્યનો પુરુષાર્થ છે તે બતાવવા માટે કહ્યું કે કર્મો અપૂર્ણ સ્થિતિએ ખરી ગયા; તેને અવિપાક નિર્જરા કહે છે. અહીં ચૈતન્યની શુદ્ધતા વધતી જાય છે ત્યાં સામે કર્મો ફળ દીધા વગર ખરી જાય છે; પણ ત્યાં કાંઈ કર્મના પરમાણુઓની પર્યાયનો ક્રમ ફર્યો નથી. જ્યાં ચૈતન્યનો સ્વસન્મુખ પુરુષાર્થ હોય ત્યાં પુદ્ગલકર્મની અવસ્થાની તેવી જ યોગ્યતા હોય. મિથ્યાદૃષ્ટિ તીવ્ર પાપ કરતો હોય તે વખતે પણ તેને જે પૂર્વ કર્મની સ્થિતિ પૂરી થઈ હોય તે કર્મ તો ખરી જાય છે, પણ તે નિર્જરાથી આત્માને કાંઈ લાભ નથી.

ભાવાર્થ :—નિર્જરા બે પ્રકારની છે; તેમાં જે કર્મસ્થિતિ પૂરી થતાં ઉદય પામી રસ આપી જાય તેને તો સવિપાક નિર્જરા કહીએ છીએ. આ નિર્જરા તો સઘળા જીવોને થાય છે, તથા જે તપ વડે કર્મો અપૂર્ણ સ્થિતિએ પણ પરિપક્વ થઈ ખરી જાય તેને અવિપાક નિર્જરા કહીએ છીએ અને તે વ્રતધારીને થાય છે. (ક્રમશઃ)

**જે સર્વસંગવિમુક્ત, ધ્યાવે આત્મને આત્મા વડે,–**
**–નહિ કર્મ કે નોકર્મ, ચેતક ચેતતો એકત્વને, ૧૮૮. –શ્રી સમયસાર**

# મોક્ષમાર્ગમાં નિશ્ચયસહિતનો વ્યવહારધર્મ સંમત છે

(શ્રી પદ્મનંદિ પંચવિંશતિકાના દેશવ્રતોદ્યોતન અધિકાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

ભાઈ, ઉત્તમ સુખનો ભંડાર તો મોક્ષમાં છે. તેથી મોક્ષપુરુષાર્થ એ જ સર્વ પુરુષાર્થોમાં શ્રેષ્ઠ છે. સાધકને મોક્ષપુરુષાર્થની સાથે અણુવ્રતાદિ શુભરાગરૂપ જે ધર્મપુરુષાર્થ છે તે વ્યવહારથી મોક્ષનું સાધન છે, એટલે શ્રાવકની ભૂમિકામાં તે પણ ગ્રહણ કરવાયોગ્ય છે. પરંતુ મોક્ષના પુરુષાર્થ વગરના એકલા પુણ્ય (એકલા વ્યવહાર)ની શોભા નથી, એનું તો ફળ સંસાર છે.

શ્રાવક પુણ્યફળને પામીને પછી મોક્ષ પામે છે એમ બતાવ્યું, હવે કહે છે કે શુભરાગ હોવા છતાં ધર્મીને મોક્ષપુરુષાર્થ જ મુખ્ય છે અને તે ઉપાદેય છે; અને તેની સાથેનો અણુવ્રતાદિરૂપ જે વ્યવહારધર્મ છે તે પણ માન્ય છે—

(शार्दूलविक्रीडित)

पुंसो ऽर्थेषु चतुर्षु निश्चलतरो मोक्षः परं सत्सुखः
शेषास्तद्विपरीतधर्मकलिता हेया मुमुक्षोरतः ।
तस्मात्तत्पदसाधनत्वधरणो धर्मोऽपि नो सम्मतः
यो भोगादिनिमित्तमेव स पुनः पापं बुधैर्मन्यते ।।२५।।

અર્થ :—ધર્મ, અર્થ, કામ અને મોક્ષ આ ચાર પુરુષાર્થોમાં કેવળ મોક્ષ પુરુષાર્થ જ સમીચીન (બાધા રહિત) સુખ યુક્ત હોઈને સદા સ્થિર રહે છે. બાકીના ત્રણ પુરુષાર્થ તેનાથી વિપરીત (અસ્થિર) સ્વભાવવાળા છે. તેથી તે મુમુક્ષુજનોએ છોડવા યોગ્ય છે. તેથી જે ધર્મ પુરુષાર્થ ઉપર્યુક્ત મોક્ષ પુરુષાર્થનો સાધક થાય છે તે પણ આપણને ઈષ્ટ છે. પરંતુ જે ધર્મ કેવળ ભોગાદિનું જ કારણ થાય છે તેને વિદ્વાનો પાપ જ સમજે છે. ૨૫.

ધર્મ, અર્થ, કામ ને મોક્ષ એ ચાર પુરુષાર્થમાં માત્ર મોક્ષ જ નિશ્ચલ—અવિનાશી ને સત્ય સુખરૂપ છે, બાકીનાં ત્રણ તો એનાથી વિપરીત સ્વભાવવાળાં છે એટલે કે અસ્થિર

તે આત્મ ધ્યાતો, જ્ઞાનદર્શનમય, અનન્યમયી ખરે,
બસ અલ્પ કાળે કર્મથી પ્રવિમુક્ત આત્માને વરે. ૧૮૯. –શ્રી સમયસાર

અને દુઃખરૂપ છે; તેથી મુમુક્ષુને તે હેય છે અને કેવળ મોક્ષ જ ઉપાદેય છે. તથા તે મોક્ષના સાધનપણે વર્તતો હોય તે ધર્મ પણ અમને સંમત છે, માન્ય છે, એટલે કે મોક્ષમાર્ગને સાધતાં–સાધતાં તેની સાથે મહાવ્રત કે અણુવ્રતના જે શુભભાવ વર્તે છે તે તો સંમત છે કેમકે તે પણ વ્યવહારથી મોક્ષનું સાધન છે, પરંતુ જે માત્ર ભોગાદિનું જ નિમિત્ત છે તેને તો પંડિતજનો પાપ કહે છે.

આચાર્યદેવ કહે છે કે અહો, સાચું સુખ તો એક મોક્ષપદમાં જ છે, માટે મુમુક્ષુઓએ તેનો જ પુરુષાર્થ કરવા જેવો છે. એના સિવાયના બીજા ભાવો તો વિપરીત હોવાથી હેય છે. જુઓ, આ વિપરીત અને હેય કહ્યું તેમાં શુભરાગ પણ આવી ગયો. એ રીતે વિપરીત અને હેય તરીકે સ્વીકારીને, પછી જો તે મોક્ષમાર્ગ સહિત હોય તો તેને સંમત કર્યો છે. એટલે કે વ્યવહારથી તેને મોક્ષમાર્ગમાં સ્વીકાર્યો છે. પણ જો સાથે નિશ્ચય મોક્ષસાધન (સમ્યગ્દર્શનાદિ) વર્તતું ન હોય તો મોક્ષમાર્ગ વગરના એવા એકલા શુભરાગને સંમત કરતા નથી એટલે કે તેને વ્યવહાર મોક્ષસાધન પણ કહી શકાતું નથી. આ સિવાયના જે અર્થ અને કામ સંબંધી પુરુષાર્થ છે તે તો પાપ જ છે, એટલે સર્વથા હેય છે.

ભાઈ, ઉત્તમ સુખનો ભંડાર તો મોક્ષમાં છે; તેથી મોક્ષપુરુષાર્થ એ જ સર્વ પુરુષાર્થમાં શ્રેષ્ઠ છે. પુણ્યનો પુરુષાર્થ પણ એના કરતાં ઊતરતો છે; ને સંસારના વિષયો મેળવવાનો કે ભોગવવાનો જેટલો પ્રયત્ન છે તે તો એકલું પાપ છે, તેથી તે સર્વથા ત્યાજ્ય છે. હવે સાધકને મોક્ષપુરુષાર્થની સાથે અણુવ્રતાદિ શુભરાગરૂપ જે ધર્મપુરુષાર્થ છે તે વ્યવહારથી મોક્ષનું સાધન છે એટલે શ્રાવકની ભૂમિકામાં તે પણ ગ્રહણ કરવાયોગ્ય છે. મોક્ષનો પુરુષાર્થ તો સર્વશ્રેષ્ઠ છે, પણ તેના અભાવમાં (એટલે કે નીચલી સાધકદશામાં) વ્રત-મહાવ્રતાદિરૂપ ધર્મપુરુષાર્થ જરૂર ગ્રહણ કરવો જોઈએ. અજ્ઞાની પણ પાપ છોડીને પુણ્ય કરે તો એની કાંઈ ના નથી કહેતા; પાપના કરતાં તો પુણ્ય ભલું છે જ. પણ કહે છે કે ભાઈ, મોક્ષમાર્ગ વગરના તારા એકલા પુણ્ય શોભતા નથી; કેમકે જેને મોક્ષમાર્ગનું લક્ષ નથી તે તો પુણ્યના ફળમાં મળેલા ભોગોમાં આસક્ત થઈને પાછો પાપમાં ચાલ્યો જશે. માટે બુધજનો–જ્ઞાનીઓ–વિદ્વાનો એવા પુણ્યને પરમાર્થથી તો પાપ કહે છે.

(ક્રમશઃ)

રાગાદિના હેતુ કહે સર્વજ્ઞ અધ્યવસાનને,
—મિથ્યાત્વ ને અજ્ઞાન, અવિરતભાવ તેમ જ યોગને. ૧૯૦. –શ્રી સમયસાર



# અનુભવપ્રકાશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન

પ્રશ્ન :—વ્યવહારે તો લાભ હશે ને?

સમાધાન :—શરીરની ક્રિયાને તો જીવ વ્યવહારે પણ કરી શકતો નથી. પણ જેને પોતાના સ્વભાવનું ભાન છે, તેના શુભરાગને વ્યવહાર કહેવાય છે. ચિદાનંદ સ્વભાવમાં સંસાર નથી, તેમજ મુક્તિ પણ નથી. એવી દૃષ્ટિ નથી તે શરીરથી લાભ માનનાર સ્થૂલ મિથ્યાદૃષ્ટિ છે.

હવે કર્મની વાત કરે છે. જ્ઞાનાવરણીય કર્મવર્ગણા મારી ચીજ નથી. તે ઘટાડું તો લાભ થાય તેમ માને છે તે ભૂલ છે. કર્મ મારા આનંદને આપે તેમ બને નહિ. કર્મમાં અનુભાગબંધ થયો તે મને રસ આપવા સમર્થ નથી. અજ્ઞાનીએ માન્યું છે કે જ્ઞાનાવરણીય કર્મ મને ફળ આપશે, તે ભૂલ છે. આત્માને ફળ આપે તેવી જ્ઞાનાવરણીયમાં તાકાત નથી. મારો રસ કર્મ આપી શકે નહિ અને તેનો રસ મારામાં આવે નહિ. તે કર્મથી મારી જ્ઞાનપર્યાય હીણી થઈ શકે નહિ. જ્ઞાનની હીણી દશા થાય ત્યારે જ્ઞાનાવરણીય કર્મને નિમિત્ત કહેવાય. ત્યાં નિમિત્તનૈમિત્તિક સંબંધ સમજાવ્યો છે. આનંદના રસના પાકમાં કર્મ નિમિત્ત થાય એવું નથી. માટે તે બધા કર્મો મારાં નથી.

હવે દયા, દાન, જપ, તપ વગેરેના વિભાવની વાત કરે છે. વિભાવ સ્વભાવને મલિન કરે છે. રાગની મંદતા થતાં જે જ્ઞાનનો ઉઘાડ થાય, ને એકલા પરને પકડે તે ખરેખર ચૈતન્યની પર્યાય નથી.

(૧) શરીરની ક્રિયા તો અચેતન છે.

(૨) રાગાદિ પરિણામ વિભાવ હોવાથી આત્માનું ત્રિકાળી સ્વરૂપ નથી, માટે તેને અચેતન કહેલ છે.

(૩) મિથ્યાદૃષ્ટિને રાગની મંદતા વડે થયેલો જ્ઞાનનો ઉઘાડ અથવા ક્ષયોપશમભાવ ખરેખર ચૈતન્યની પર્યાય જ નથી. માટે તેને અચેતન કહેલ છે. જ્ઞાનીને જે જ્ઞાનનો ઉઘાડ છે તે સ્વ-પર પદાર્થોને યથાર્થ જાણે છે. વસ્તુ ત્રિકાળ છે, જ્ઞાનગુણ

**હેતુઅભાવે જરૂર આસ્રવરોધ જ્ઞાનીને બને,**
**આસ્રવભાવ વિના વળી નિરોધ કર્મ તણો બને; ૧૯૧. –શ્રી સમયસાર**

ત્રિકાળ છે, તેની પર્યાય સ્વ-પરપ્રકાશક છે, પણ જ્ઞાનસ્વભાવને એકલો પરપ્રકાશક માનવો તે અજ્ઞાન છે. તે ચૈતન્યની જાત નથી. એકાંતે પરપ્રકાશક જ્ઞાનપર્યાયથી પોતાને લાભ થશે—એમ માનવું તે મિથ્યાત્વ છે, વિભાવ છે, તે સ્વભાવને મલિન કરે છે. વિભાવાદિ પરિણામ સ્વભાવ સાથે તન્મય નથી, માટે તે પણ મારા નથી. અંતર્મુખ પરિણામથી લાભ છે ને પર તરફના વલણથી નુકશાન છે, બાહ્યમાં લાભ માને તેને અંતરમાં વળવાનો અવકાશ રહેતો નથી.

મારું ચેતનાપદ હું પામ્યો. શરીર તે હું નહિ, કર્મ મને પાક આપે નહિ. વિભાવાદિ પરિણામ પોતાની પર્યાયનો અપરાધ છે, છતાં તે ત્રિકાળી સ્વભાવ નથી. મારું પદ જાણવા-દેખવાનું છે. રાગપદ કે શરીરપદ મારું નથી. આમ શ્રવણ કરે, ગ્રહણ કરે, ધારણ કરે, ને રુચિગત કરે તેને સુખ પ્રગટે.

ચેતનપદ કેમ પમાય ? આત્માનું લક્ષણ જ્ઞાન છે. આત્મામાં જ્ઞાન વ્યાપક છે. તે જ્ઞાનના લક્ષણવડે એટલે ચેતનને ઓળખવો એ ઉપાય છે. એમ પ્રથમ ખ્યાલમાં આવવું જોઈએ. પ્રથમ તેની હા પાડવી જોઈએ. તારી ચીજ પૂર્ણ છે એમ હા તો પાડ, તો આ રીતથી અંતરમાં પેસાય એવું છે. પ્રથમ સ્વ લક્ષણ વડે આત્માને ઓળખી એ જ સ્વરૂપની શ્રદ્ધાથી આનંદકંદની રમત કર. જે જાણવાના પરિણામ વ્યક્ત દેખાય છે તેટલામાં આખી ચીજ આવી જતી નથી. સ્વરૂપ અખંડ છે. સ્વભાવનો મહિમા જેને વર્તે છે, તેને સુદેવાદિ નિમિત્તોનો મહિમા આવ્યા વિના રહે નહિ. અજ્ઞાનીને વિભાવ અને વિભાવને પોષનારાનો મહિમા આવે છે. કુદેવ, કુગુરુ આદિને સ્વરૂપના સાક્ષાત્ ઘાતક માન્યા વિના ધર્મનો રસ્તો મળે તેમ નથી. અહીં કહે છે કે આત્મા અસંખ્યપ્રદેશી, આનંદકંદ છે, તેની રમત કરી સુખી થા.

આનંદકંદની રમત કહો, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર કહો, અથવા મોક્ષમાર્ગ કહો બધું એક જ છે તે રમત કરી હું સુખી થાઉં. જો આનંદકેલિ નિજસ્વરૂપ શ્રદ્ધાથી થાય છે. (ક્રમશઃ)

**કર્મો તણા ય અભાવથી નોકર્મનું રોધન અને**
**નોકર્મના રોધન થકી સંસારસંરોધન બને. ૧૯૨. –શ્રી સમયસાર**

## પ્રભુ! તારી પ્રભુતા

હે જીવ! હે પ્રભુ! તું કોણ છો, તેનો કદી વિચાર કર્યો છે? ક્યું તારું રહેઠાણ અને ક્યું તારું કાર્ય તેની તને ખબર છે? પ્રભુ! વિચાર તો ખરો કે તું ક્યાં છે અને આ બધું શું છે? તને કેમ શાંતિ નથી?

પ્રભુ! તું સિદ્ધ છો, સ્વતંત્ર છો, પરિપૂર્ણ છો, વીતરાગ છો. પણ તને તારા સ્વરૂપની ખબર નથી તેથી જ તને શાંતિ નથી. ભાઈ! ખરેખર તું ઘર ભૂલ્યો છો—ભૂલો પડ્યો છો, પારકા ઘરને તું તારું રહેઠાણ માની બેઠો; પણ બાપુ! એમ અશાંતિના અંત નહીં આવે!

ભગવાન! શાંતિ તો તારા સ્વઘરમાં જ ભરી છે. ભાઈ! એકવાર બધાયનું લક્ષ છોડીને તારા સ્વઘરમાં તો જો! તું પ્રભુ છો, તું સિદ્ધ છો. પ્રભુ! તું તારા સ્વઘરને જો, પરમાં ન જો. પરમાં લક્ષ કરી કરીને તો તું અનાદિથી ભ્રમણ કરી રહ્યો છે, હવે તારા અંતરસ્વરૂપ તરફ નજર તો કર! એકવાર તો અંદર જો! અંદર પરમ આનંદના અનંતા ખજાના ભર્યા છે, તેને સંભાળ તો ખરો! એકવાર અંદર ડોકિયું કર તો તને તારા સ્વભાવના કોઈ અપૂર્વ પરમ સહજ સુખનો અનુભવ થશે. અનંતા જ્ઞાનીઓ કહે છે કે ‘તું પ્રભુ છો.’ પ્રભુ! તારા પ્રભુત્વની એકવાર હા તો પાડ!

## અંતરથી સત્‌નો હકાર

પરમ સત્ય સાંભળવા છતાં સમજાતું નથી તેનું કારણ ‘હું લાયક નથી, મને ન સમજાય’ એવી દૃષ્ટિ જ તેને સમજવામાં નાલાયક રાખે છે. જેને સત્‌ના એક શબ્દનો પણ અંતરથી પહેલે ધડાકે હકાર આવ્યો તે ભવિષ્યમાં મુક્તિનું કારણ છે. એકને સત્‌ સાંભળતાં જ અંતરથી ઊછળીને હકાર આવે છે અને બીજો ‘હું લાયક નથી—આ મારે માટે નથી’ એવી માન્યતાની આડ નાખીને સાંભળે છે, તે આડ જ તેને સમજવા દેતી નથી. આડી વાતો તો દુનિયા અનાદિની કરી જ રહી છે, આજે નવી નથી. અંતરવસ્તુના ભાન વગર બહારમાં ત્યાગી થઈને અનંતવાર સૂકાઈ ગયો તોપણ અંતરથી હકાર વગર ધર્મ સમજ્યો નહીં.

જ્યારે જ્ઞાનીઓ કહે છે કે ‘સર્વ જીવો સિદ્ધસમ છે, તું પણ સિદ્ધસમાન છે, ભૂલ

ચેતન અચેતન દ્રવ્યનો ઉપભોગ ઇંદ્રિયો વડે
જે જે કરે સુદૃષ્ટિ તે સૌ નિર્જરાકારણ બને. ૧૯૩. –શ્રી સમયસાર

વર્તમાન એક સમય પૂરતી છે અને તું સમજીશ માટે કહીએ છીએ.' એમ કહે છે ત્યારે આ જીવ 'હું લાયક નથી, મને આ ન સમજાય' એવી રીતે જ્ઞાનીઓએ કહેલા સત્‌નો નકાર કરીને સાંભળે છે, તેથી જ તેને સમજાતું નથી.

ભૂલ સ્વભાવમાં નથી, માત્ર એક સમય પૂરતી પર્યાયમાં છે, તે ભૂલ બીજે સમયે રહેતી નથી, જો પોતે બીજે સમયે નવી કરે તો થાય છે. પહેલા સમયની ભૂલ તો બીજે સમયે નાશ પામી જાય છે.

શરીર તે અનંત પરમાણુઓનું દળ છે અને આત્મા ચૈતન્યમૂર્તિ છે, શરીર સાથે તેને શું લાગે વળગે? એક દ્રવ્યની પર્યાય બીજું દ્રવ્ય ઉત્પન્ન કરી શકે નહીં એવું જૈનધર્મનું ત્રિકાળી કથન છે, તે નહીં માનતાં 'મારાથી પરની અવસ્થા થાય' એમ માને છે તે જ અજ્ઞાન છે. જ્યાં જૈનની કથની પણ ન માને તો જૈનધર્મ તો ક્યાંથી સમજશે? જો પરનું કાંઈ કરી શકતો હોય તો પરનું ન કરવાનો કે પરનો ત્યાગ કરવાનો પ્રશ્ન આવે ને?

વિકાર પરમાં નથી પણ પોતાની એક સમયની માન્યતામાં છે. બીજે સમયે વિકાર નવો કરે તો થાય છે. રાગનો ત્યાગ તે નાસ્તિથી છે, અસ્તિ સ્વરૂપના ભાન વગર રાગની નાસ્તિ કરશે કોણ? આત્મામાં પર કોઈ ગરી ગયાં જ નથી તો ત્યાગ કોનો? મફતનું ખોટું માની રાખ્યું છે—તે માન્યતા જ છોડવાની છે.

ખરેખર આ તત્ત્વ બોધિદુર્લભ છે.

સાચી સમજણ માટે પહેલે જ ધડાકે સત્‌નો હકાર આવવો જોઈએ.

મુખ્ય ગતિ બે છે—એક નિગોદ, બીજી સિદ્ધ. સત્‌ની જો ના પાડી તો કદાચિત્ એકાદ ભવ બીજો કરીને પણ પછી નિગોદમાં જ જાય. સત્‌ના વિરોધનું ફળ નિગોદ જ છે. અને એકવાર પણ સત્‌નો અંતરથી યથાર્થ હકાર આવ્યો તો તેની મુક્તિ જ છે. હકારનું ફળ સિદ્ધ; નકારનું ફળ નિગોદ. આ જે કહેવાય છે તે ત્રિકાળ પરમ સત્ય છે, ત્રણકાળ, ત્રણલોકમાં સત્ જોઈતું હોય તો જગતને આ માન્યે જ છૂટકો છે.

સત્ ફરે તેમ નથી, સત્‌ને સમજવા તારે ફરવું પડશે. સિદ્ધ થવા માટે સિદ્ધસ્વરૂપનો હકાર લાવો!

**વસ્તુ તણે ઉપભોગ નિશ્ચય સુખ વા દુખ થાય છે,**
**એ ઉદિત સુખદુખ ભોગવે પછી નિર્જરા થઈ જાય છે. ૧૯૪.** —**શ્રી સમયસાર**

## નિઃશંકતા

જેનું વીર્ય ભવના અંતની નિઃસંદેહ શ્રદ્ધામાં નથી વર્તતું, અને હજી ભવની શંકામાં વર્તે છે તેના વીર્યમાં અનંતા ભવ કરવાનું સામર્થ્ય પડ્યું છે.

ભવરહિત થયેલા ભગવાને કહ્યું છે કે–'તારા સ્વભાવમાં ભવ નથી,' અને જો તને ભવની શંકા પડી તો તેં ભગવાનની વાણીને કે તારા ભવરહિત સ્વભાવને માન્યો નથી. જેનું વીર્ય હજી ભવરહિત સ્વભાવની નિઃસંદેહ શ્રદ્ધામાં પણ નથી વર્તી શકતું, ભવી છું કે અભવી તેની પણ જેને શંકા વર્તે છે, તેનું વીર્ય વીતરાગની વાણીનો નિર્ણય કેમ કરી શકશે? અને વીતરાગની વાણીના નિર્ણય વિના તેને પોતાના સ્વભાવની ઓળખાણ કેમ થશે? માટે પહેલાં તો ભવરહિત સ્વભાવની નિઃશંકતા લાવો.

## ધર્માત્મા વગર ધર્મ હોતો નથી

**न धर्मो धार्मिकैर्विना**

ધર્મ ધર્માત્માઓ વિના હોતો નથી, જેને ધર્મની રુચિ હોય તેને ધર્માત્મા પ્રત્યે રુચિ હોય જ. ધર્મી જીવો પ્રત્યે જેને રુચિ નથી તેને ધર્મની જ રુચિ નથી. જેને ધર્માત્મા પ્રત્યે રુચિ અને પ્રેમ નથી તેને ધર્મની રુચિ અને પ્રેમ નથી, અને ધર્મની રુચિ નથી તેને ધર્મી એવા પોતાના આત્માની જ રુચિ નથી. ધર્મીની રુચિ ન હોય અને ધર્મની રુચિ હોય એમ બને જ નહિ; કેમ કે ધર્મ તો સ્વભાવ છે, તે ધર્મી વગર હોતો નથી. ધર્મ પ્રત્યે જેને રુચિ હોય તેને કોઈ ધર્માત્મા ઉપર ક્રોધ–અરુચિ, અપ્રેમ હોય જ નહિ. જેને ધર્માત્માનો પ્રેમ નથી તેને ધર્મનો પ્રેમ નથી અને જેને ધર્મનો પ્રેમ નથી તે મિથ્યાદ્રષ્ટિ છે. જે ધર્માત્માનો તિરસ્કાર કરે છે તે ધર્મનો જ તિરસ્કાર કરે છે, કેમ કે ધર્મ અને ધર્મી જુદા નથી.

શ્રી રત્નકરંડ-શ્રાવકાચારની ૨૬મી ગાથામાં શ્રી સમન્તભદ્રાચાર્યે કહ્યું છે કે – "न धर्मो धार्मिकैर्विना" એમાં બે પડખેથી વાત કરી, એક તો જેને પોતાના નિર્મળ શુદ્ધ સ્વરૂપની અરુચિ છે તે મિથ્યાદ્રષ્ટિ છે; અને બીજું–જેને ધર્મનાં સ્થાનો પ્રત્યે–ધર્મી જીવો પ્રત્યે–અરુચિ છે તે પણ મિથ્યાદ્રષ્ટિ છે. તેનાથી વિરુદ્ધ બે પડખાં લઈએ તો જેને ધર્મની રુચિ છે તેને આત્માની રુચિ છે, અને બીજા ધર્માત્મામાં જ્યાં જ્યાં ધર્મ જુએ છે ત્યાં ત્યાં તેને પ્રમોદ આવે છે. જેને ધર્મની રુચિ થઈ છે તેને ધર્મસ્વભાવી આત્માની રુચિ

**જ્યમ ઝેરના ઉપભોગથી પણ વૈદ્ય જન મરતો નથી,**
**ત્યમ કર્મઉદયો ભોગવે પણ જ્ઞાની બંધાતો નથી. ૧૯૫. –શ્રી સમયસાર**

હોય જ અને ધર્માત્માઓની રુચિ પણ હોય જ. અંતરમાં જેને ધર્મી જીવો પ્રત્યે કાંઈપણ અરુચિ થઈ તેને ધર્મની અરુચિ છે, આત્માની તેને રુચિ નથી.

જેને આત્માનો ધર્મ રુચ્યો છે તેને જ્યાં જ્યાં ધર્મ જુએ ત્યાં ત્યાં પ્રમોદ અને આદરભાવ આવ્યા વગર રહે નહિ. ધર્મસ્વરૂપનું ભાન થયા પછી હજી પોતે વીતરાગ થયો નથી એટલે પોતાને પોતાના ધર્મની પૂર્ણતાની ભાવનાનો વિકલ્પ ઊઠે છે. અને પોતાને ધર્મની પ્રભાવનાનો વિકલ્પ ઊઠતાં જ્યાં જ્યાં ધર્મી જીવોને જુએ છે ત્યાં ત્યાં તેને રુચિ, પ્રમોદ અને ઉત્સાહ આવે જ છે; ખરેખર તો તેને પોતાના અંતરંગ ધર્મની પૂર્ણતાની રુચિ છે. ધર્મ નાયક તીર્થંકર દેવાધિદેવ અને મુનિ-ધર્માત્માઓ, સમકિતી-જ્ઞાનીઓ એ બધા ધર્માત્માઓ ધર્મનાં સ્થાનો છે, તેમના પ્રત્યે ધર્માત્માને આદર-પ્રમોદભાવ ઊછળ્યા વગર રહેતો નથી; જેને ધર્માત્માઓ પ્રત્યે અરુચિ છે તેને પોતાના ધર્મની અરુચિ છે, પોતાના આત્મા ઉપર ક્રોધ છે.

જેનો ઉપયોગ ધર્મી જીવોને હીણા બતાવીને પોતાની મોટાઈ લેવાના ભાવરૂપ થયો છે, ધર્મીનો વિરોધ કરીને જે મોટાઈ ઇચ્છે છે તે પોતાના આત્મકલ્યાણનો વેરી છે, મિથ્યાદૃષ્ટિ છે. ધર્મ એટલે સ્વભાવ અને તેનો ધારણ કરનાર ધર્મી એટલે આત્મા. જેને ધર્માત્માની અરુચિ તેને ધર્મની અરુચિ, ધર્મની અરુચિ તેને આત્માની અરુચિ, અને આત્માની અરુચિપૂર્વકના જે ક્રોધ, માન, માયા, લોભ હોય તે અનંતાનુબંધી ક્રોધ, અનંતાનુબંધી માન, અનંતાનુબંધી માયા અને અનંતાનુબંધી લોભ હોય એટલે જે ધર્માત્માનો અનાદર કરે છે તે અનંતાનુબંધી રાગ-દ્વેષવાળો છે અને તેનું ફળ અનંત સંસાર છે.

જેને ધર્મની રુચિ છે તેને પરિપૂર્ણ સ્વભાવની રુચિ છે. તેને બીજા ધર્માત્માઓ પ્રત્યે અણગમો કે અદેખાઈ ન હોય. પોતાની પહેલાં બીજો કેવળજ્ઞાન પામીને સિદ્ધ થઈ જાય તો તેને ખેદ ન થાય પણ અંતરથી પ્રમોદ જાગે કે અહા! ધન્ય છે આ ધર્માત્માને! જે મારે જોઈએ છે તે તેમણે પ્રગટ કર્યું છે, મને તેની રુચિ છે, આદર છે, ભાવના છે. એમ બીજા જીવોમાં ધર્મની વૃદ્ધિ જોઈને ધર્માત્મા પોતાના ધર્મની પૂર્ણતાની ભાવના કરે છે, એટલે તેને બીજા ધર્માત્માઓને જોઈને હરખ આવે છે, ઉલ્લાસ આવે છે. અને એ રીતે ધર્મનો આદરભાવ હોવાથી તે પોતાના ધર્મની વૃદ્ધિ કરીને પૂર્ણ ધર્મ પ્રગટ કરી સિદ્ધ થઈ જવાના.

**જ્યમ અરતિભાવે મદ્ય પીતાં મત્ત જન બનતો નથી,**
**દ્રવ્યોપભોગ વિષે અરત જ્ઞાનીય બંધાતો નથી. ૧૯૬. –શ્રી સમયસાર**



# પૂજ્ય ગુરુદેવશ્રીના કરુણાભર્યાં આશીર્વચન

મીઠાં મધુરાં આવા શાસ્ત્રો છે, એને વાંચવાનોય પણ વખત ન મળે !— એને વાંચે, વિચારે ને સંસ્કાર તો નાંખે ! ભલે આ ભવે સમ્યગ્દર્શન ન થાય, પણ એના સંસ્કાર નાખીને પુણ્યબંધ કરે તોપણ એ સ્વર્ગમાં કે સારા મનુષ્યપણામાં જાય. બે-ચાર પાંચ કલાક વાંચન—વિચાર—મંથન કરે કે રાગથી ભિન્ન આત્મતત્ત્વ શું ચીજ છે ?—એમ રાગથી ભિન્ન પડવાના સમ્યક્ સંસ્કાર નાખે અને ભિન્ન પડવાના ભાવમાં પુણ્ય પણ સાથે છે તેથી તે જીવ ભલે આ ભવે સમ્યગ્દર્શન ન પામે તોપણ એ સ્વર્ગમાં કે સારા મનુષ્યભવમાં જઈને ત્યાં સમ્યગ્દર્શન પામશે, પામશે જ—એમ અહીં વાત છે, ન પામે એની વાત છે જ નહીં. અહીં તો પામશે જ—એ એક જ વાત છે, અપ્રતિહતની વાત છે, કેમકે દરરોજ બે-ચાર કલાક આવી વાત સાંભળીને—વાંચીને એણે અંદર એવા સંસ્કાર નાખ્યા છે કે આ રાગ તે હું નહીં, આ તે હું નહીં, પણ અંદર ચિદાનંદ ભગવાન તે હું એમ સંસ્કાર નાખ્યા છે. જેમ માટીનું નવું કોડિયું—સકોરું હોય તેમાં પાણીનું ટીપું પડે તે ચૂસાઈ જાય પણ ચૂસાઈ જવા છતાં વધતાં-વધતાં ઉપર આવે છે તેમ ત્રણે કાળે ને ત્રણે લોકમાં રાગથી ભિન્ન છું, પુણ્યના પરિણામને ને મારે કાંઈ સંબંધ નથી એવા જ્ઞાનના અવગ્રહ, ઈહા, અવાય ને ધારણાથી આત્માના સંસ્કાર પાડે તોપણ એ આગળ વધીને કાં તો સ્વર્ગમાં જઈને કાં તો મહાવિદેહમાં પરમાત્મા બિરાજે છે ત્યાં મનુષ્યપણે જન્મીને પોતાના આત્મકલ્યાણને—સમ્યગ્દર્શનને પ્રાપ્ત કરી લેશે જ. આવો માર્ગ જેને અંદરમાં સંસ્કાર બેસશે તેને પુણ્ય પણ ઘણું થઈ જાય, એવા જીવો નરક ને પશુમાં ન જાય. એવા જીવોને કાં તો સારું મનુષ્યપણું મળે કે જ્યાં— મહાવિદેહમાં ભગવાનનો યોગ હોય ને કાં તો સ્વર્ગમાં જાય ને પછી ભગવાન પાસે જાય. માટે શાસ્ત્રવાંચન-વિચાર-શ્રવણ-મનન કરવું ને આ સંસ્કાર નાખવા.

# યુવા વિભાગ

(આ વિભાગ અંતર્ગત મુમુક્ષુઓની પૂજ્ય ગુરુદેવશ્રીની સાથે રાત્રિ સમયે થયેલી તત્ત્વચર્ચા આપવામાં આવી છે.)

પ્રશ્ન :—સવિકલ્પ દ્વારા નિર્વિકલ્પ થાય છે?

ઉત્તર :—સવિકલ્પ દ્વારા નિર્વિકલ્પ થતો નથી પણ કહેવાય ખરું કેમકે વિકલ્પને છોડીને નિર્વિકલ્પમાં જાય તે બતાવવા સવિકલ્પ દ્વારા એમ કહેવાય છે. રહસ્યપૂર્ણ ચિઠ્ઠીમાં રોમાંચ ખડા થાય છે તેમ આવે છે. એટલે કે વીર્ય અંદર જવા ઉછળે છે. તે બતાવવું છે.

પ્રશ્ન :—શાસ્ત્રાભ્યાસ આદિ કરવા છતાં તેનાથી સમ્યગ્દર્શન થતું નથી તો સમ્યગ્દર્શન માટે શું કરવું?

ઉત્તર :—ખરેખરી એક આત્માની જ રુચિપૂર્વક પ્રથમમાં પ્રથમ આત્માને જાણવો તે જ સમ્યગ્દર્શનનો ઉપાય છે. આત્માનો સાચો નિર્ણય કરનારને પહેલા સાત તત્ત્વોનો સવિકલ્પ નિર્ણય આવે છે, શાસ્ત્રાભ્યાસ હોય છે, શાસ્ત્રાભ્યાસ ઠીક છે તેમ પણ વિકલ્પમાં હોય છે પણ તેનાથી ખરો નિર્ણય થતો નથી. વિકલ્પસહિત છે ત્યાંસુધી પરસન્મુખતા છે. પરસન્મુખતાથી સાચો નિર્ણય થતો નથી. સ્વસન્મુખ થતાં જ સાચો નિર્વિકલ્પ નિર્ણય થાય છે. સવિકલ્પ દ્વારા નિર્વિકલ્પ થવાનું આવે છે છતાં સવિકલ્પતા તે નિર્વિકલ્પ થવાનું ખરું કારણ નથી છતાં પહેલા આવે છે તેથી સવિકલ્પ દ્વારા એમ કહેવાય છે.

પ્રશ્ન :—સમ્યગ્દષ્ટિને અશુભમાં આયુષ્ય બંધાય?

ઉત્તર :—સમ્યગ્દષ્ટિને ચોથે પાંચમે વેપાર-વિષય આદિનો અશુભ રાગ પણ હોય છે છતાં સમ્યગ્દર્શનનું એવું માહાત્મ્ય છે કે તેને અશુભ ભાવ વખતે આયુષ્ય બંધાય નહિ, શુભભાવમાં જ આયુષ્ય બંધાય છે. સમ્યગ્દર્શનનો એવો પ્રભાવ છે કે તેને ભવ વધે તો નહિ, પણ હલકો ભવ પણ હોય નહિ, સ્વર્ગ આદિનો ઉંચો ભવ જ હોય.

પ્રશ્ન :—જેના પ્રતાપે જન્મ-મરણ ટળે ને મુક્તિ મળે એવું એવું અપૂર્વ સમ્યગ્દર્શન પાંચમાં આરામાં જલ્દી થઈ જાય?

**સેવે છતાં નહિ સેવતો, અણસેવતો સેવક બને,**
**પ્રકરણ તણી ચેષ્ટા કરે પણ પ્રાકરણ જ્યમ નહિ ઠરે. ૧૯૭.** **–શ્રી સમયસાર**

ઉત્તર :—પાંચમાં આરામાં ક્ષણમાં સમ્યગ્દર્શન થાય. પાંચમો આરો આત્માને નડતો નથી. પાંચમાં આરાથી આત્મા પાર છે. સમ્યગ્દર્શન પ્રગટ કરવું તે વીરોના કામ છે, કાયરનું કામ નથી. પાંચમાં આરામાં ન થઈ શકે, હમણા ન થઈ શકે—એમ માનનારા કાયરનું આ કામ નથી. પછી કરીશ, કાલે કરીશ—એવા વાયદા કરનારનું આ કામ નથી. હમણાં કરીશ, આજે જ કરીશ—એવા વીરોનું આ કામ છે. આત્મા આનંદસ્વરૂપ છે. તેની સામું જોવે તેને કાળ—આરો શું નડે ?—શું કરે !

પ્રશ્ન :—શુદ્ધાત્માની રુચિરૂપ સમ્યગ્દર્શનને નિશ્ચય સમ્યગ્દર્શન કહ્યું છે તે નિશ્ચય સમ્યગ્દર્શનને સરાગ સમ્યક્ અને વીતરાગ સમ્યક્ એવા બે ભેદરૂપ કેમ કહેવામાં આવે છે ?

ઉત્તર :—નિશ્ચય સમ્યગ્દર્શનની સાથે વર્તતા રાગને બતાવવા માટે નિશ્ચય સમ્યક્ત્વને સરાગ સમ્યક્ત્વ કહેવામાં આવે છે. ત્યાં સમ્યગ્દર્શન તો નિશ્ચય છે પણ સાથે વર્તતો શુભરાગ વ્યવહાર છે તેનો સંબંધ બતાવવા સરાગ સમ્યગ્દર્શન કહેવામાં આવે છે. ગૃહસ્થાશ્રમમાં રહેલા તીર્થંકર, ભરત, સગરચક્રી, રામ, પાંડવ આદિને સમ્યગ્દર્શન તો નિશ્ચય હતું છતાં તેની સાથે વર્તતા શુભરાગનો સંબંધ બતાવવા તેમને સરાગ સમ્યગ્દૃષ્ટિ કહેવામાં આવે છે. અહીં વીતરાગતાનું વજન દેવું છે તેથી નિશ્ચય સમ્યક્ત્વ હોવા છતાં સરાગ સમ્યક્ત્વ કહ્યું છે અને તેને વીતરાગ સમ્યક્ત્વનું પરંપરા સાધક કહ્યું છે. શુદ્ધાત્માની રુચિરૂપ નિશ્ચય સમ્યગ્દર્શનમાં સરાગ વીતરાગના ભેદ નથી. છે તો વીતરાગ સમ્યગ્દર્શન, પણ જ્યાં સ્થિરતાની મુખ્યતાનું કથન ચાલતું હોય ત્યાં સમ્યક્ત્વની સાથે વર્તતા રાગનો સંબંધ ગણીને તેને વ્યવહાર સમ્યક્ત્વ કહ્યું છે અને રાગરહિત સંયમવાળાને વીતરાગ સમ્યક્ત્વ કહ્યું છે. જેવો વીતરાગ સ્વભાવ છે તેવું પર્યાયમાં વીતરાગી પરિણમન થયું છે તેથી તેને વીતરાગી સમ્યગ્દર્શન કહેવામાં આવે છે.

પ્રશ્ન :—જ્ઞાન પ્રાપ્તિનું ફળ તો રાગનો અભાવ થવો તે છે ને ?

ઉત્તર :—રાગનો અભાવ એટલે રાગથી ભિન્ન આત્માના અનુભવપૂર્વક ભેદજ્ઞાન થયું છે તેમાં રાગના કર્તાપણાનો—સ્વામીપણાનો અભાવ થયો—રાગમાંથી આત્મબુદ્ધિ છૂટી ગઈ તે રાગનો પહેલા નંબરનો અભાવ થયો.

**કર્મો તણો જે વિવિધ ઉદયવિપાક જિનવર વર્ણવ્યો,**
**તે મુજ સ્વભાવો છે નહીં, હું એક જ્ઞાયકભાવ છું. ૧૯૮. –શ્રી સમયસાર**



# પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની ગુરુભક્તિપૂર્ણ આધ્યાત્મિક તત્ત્વચર્ચા

પ્રશ્ન :—શું આત્મા મરી ગયો નથી ?

પૂજ્ય બહેનશ્રી :—આ કાળની અંદર ગુરુદેવે કહ્યું તે કરવા જેવું છે કે જેથી હવે જન્મ જ ન થાય ને માતા જ કરવી ન પડે. ગુરુદેવે માર્ગ બતાવ્યો તે ગ્રહણ કરવા જેવો છે. જન્મ-મરણથી રહિત એવો જે શાશ્વત આત્મા છે તેને ગ્રહણ કરી એને ઓળખવો તે ખરું કરવા જેવું છે.

ગજસુકુમાર પોતે મુનિ થયા છે ત્યાં તેના સસરા આવી ઉપસર્ગ આપે છે, માથા ઉપર સગડી જેવું બનાવી અંગારા મૂકે છે; પણ પોતે અંતરમાં લીન થઈ જાય છે ને જરાક વારમાં કેવળજ્ઞાન પામે છે. તેઓ કૃષ્ણ વાસુદેવના ભાઈ હતા તો પણ એવા ઉપસર્ગ આવ્યા. કૃષ્ણ વાસુદેવને એમ થાય છે કે ગજસુકુમારને આવો ઉપસર્ગ !! પણ કર્મનો ઉદય આવે છે ત્યાં કોઈનું ચાલતું નથી.

સુકુમાર મુનિને ત્રણ દિવસ અને ત્રણ રાત શિયાળિયાં ઉપસર્ગ કરે છે છતાં પોતે આત્મામાં લીન થઈ ધ્યાન કરે છે ને આયુષ્ય પૂરું થતાં દેવલોકમાં જાય છે.

મુનિઓને ઉપસર્ગ આવે છે અને ઓચિંતા દેહ છૂટી જાય છે. ચોથા કાળમાં પણ આવા પ્રસંગો બનતા. તીર્થંકરોને પાણીના પરપોટા દેખીને, વાદળાના ફેરફાર દેખીને, વૈરાગ્ય આવે છે કે સંસારનું સ્વરૂપ જ આવું છે અને દીક્ષા લઈને ચાલ્યા જાય છે.

સંસાર એવો છે માટે શાંતિ રાખવી સુખદાયક છે, અંદરથી ભૂલ્યા વગર છૂટકો જ નથી. ઋષભદેવ ભગવાન નીલાંજનાનું નૃત્ય જોતા હતા, ત્યાં ક્ષણમાં ફેરફાર થાય છે તે જોતાં ભગવાનને વૈરાગ્ય આવે છે. જુઓ ને ! આયુષ્ય ક્યારે અને કેવા સંયોગમાં પૂરું થાય છે ! એવી જ રીતે આયુષ્યનો બંધ પડ્યો હોય છે. તેથી તેવી જ રીતે તે પૂરું થાય છે. છતાં સંસારી જીવોને આવી રીતે અચાનક આયુષ્ય પૂરું થાય એટલે આઘાત લાગે, પણ તેનો કોઈ ઉપાય નથી. વિચારને ફેરવ્યા વગર છૂટકો નથી. સંસાર તો આવો છે. સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવું, શરીરથી આત્મા જુદો જાણવો, જ્ઞાયકને ઓળખવો—ભેદજ્ઞાન કરવું.

ગુરુદેવે જે ઉપદેશની જમાવટ કરી છે તે જમાવટ અંતરમાં રાખીને શાંતિ

રાખવી. ગુરુદેવની વર્ષો સુધી વાણી વરસી અને ગુરુદેવના ઉપદેશની જે જમાવટ થઈ તેને અંદરમાં પોતે ગ્રહણ કરીને તે જ કરવાનું છે. આવા પ્રસંગે શાંતિ રહે છે તે ગુરુદેવના ઉપકારથી રહે છે.

મુમુક્ષુએ ગમે તેવા તુચ્છ પ્રસંગમાં વૈરાગ્યમાં ઝંપલાવવું. આ તો આઘાતનો પ્રસંગ છે, તેમાં સમાધાન રહેવું બહુ મુશ્કેલ છે. તો પણ પુરુષાર્થ કરીને સમાધાન રાખવું. કારણ કે તેના સિવાય બીજો કોઈ ઉપાય નથી. શાંતિ રાખવી તે એક જ ઉપાય છે.

ગમે તેવા પ્રસંગોમાં પણ વૈરાગ્યમાં ઝંપલાવવું તે આત્માર્થીનું કર્તવ્ય છે. ચોથા કાળના જીવો—રાજા, તીર્થંકર ભગવાન આદિ—ઝાકળના બુંદને જોઈને વૈરાગ્ય પામતા, ઉપરથી તારો ખરતો દેખી વૈરાગ્ય પામતા. એવા પ્રસંગો જોઈને ક્ષણભરમાં વૈરાગ્ય પામતા. ભરત ચક્રવર્તી માથામાં ધોળો વાળ દેખી વૈરાગ્ય પામ્યા અને અંતરમાં ઊતરી ગયા તો કેવળજ્ઞાન પામ્યા.

આત્મા એકલો જન્મે, એકલો મરે અને એકલો મોક્ષે જાય. જન્મ થાય ત્યારે પણ એકલો અને મરણ થાય ત્યારે પણ એકલો, કોઈ તેનો સાથીદાર નથી. પોતે જ કર્મ કરે છે અને પોતે જ ભોગવે છે. તેમ જ મોક્ષમાં પણ પુરુષાર્થ કરીને પોતે એકલો જ જાય છે. માટે પોતે પુરુષાર્થ કરીને પોતાના મનને ધર્મ તરફ—જ્ઞાયક તરફ વાળી દેવું. આત્મા પોતે જ્ઞાયક ચૈતન્યદેવ તે શરણ છે, દેવ-શાસ્ત્ર-ગુરુ શરણ છે ને પંચપરમેષ્ઠી શરણ છે.

મુનિઓને ઉપસર્ગ આવે છે તો અંતર આત્મામાં ઊતરીને સ્વાનુભૂતિમાં ઝૂલતા હોય છે અને કેવળજ્ઞાન પ્રગટ કરે છે.

અનંતભવ દેવના કર્યા, મનુષ્યના કર્યા તેમ જ કેટલાય પુણ્યના ને પાપના પ્રસંગ બન્યા, તેમાં કાંઈ નવું નથી. આ સંસારની અંદર જો કાંઈ બાકી રહી ગયું હોય તો એક આત્મા બાકી રહી ગયો છે, અર્થાત્ તેની સ્વાનુભૂતિ—સમ્યગ્દર્શન બાકી રહી ગયું છે. માટે જીવનમાં આ જ કરવા જેવું છે. બાકી બહારનું બધું જીવને મળી ચૂક્યું છે, મળ્યા વગરનું કાંઈ બાકી નથી. પણ જીવ બધું ભૂલતો આવ્યો છે. જ્યાં જાય ત્યાં એક આત્માની પ્રાપ્તિ બાકી રહી ગઈ છે. માટે તેનો પુરુષાર્થ, તેની જ ભાવના કરવી.

દેહ છૂટતાં નાનાં નાનાં બાળકોને અહીંયાં છોડીને જાય અને છોકરાં પોતાના પુણ્યથી મોટાં થાય છે. જગતમાં તો આવું ઘણું જ બને છે. પોતે હિંમત રાખીને આત્માનું શરણ લેવું, ધર્મમાં ચિત્ત લગાવવું. ખરું તો આ કરવાનું છે. પુરુષાર્થ કરીને મન વાળવા

જેવું છે. સૌના રસ્તે સૌ ચાલ્યા જાય છે, કોઈ કોઈને રોકી શકતું નથી. ઉપરથી ઈન્દ્ર આવે કે નરેન્દ્ર આવે કોઈ પણ આવે, આયુષ્ય પૂરું થાય તેને કોઈ રોકી શકતું નથી. જીવ પોતાની મેળાએ ગતિ કરી ચાલ્યો જાય છે.

આ શરીર પણ પોતાનું નથી તો બીજા સગાં-વહાલાં પોતાનાં ક્યાંથી થાય ? આ બધાં મારાં છે તેમ તેણે કલ્પનાથી માન્યું છે. આ શરીર પણ પોતાનું ધાર્યું કરતું નથી, કેમ કે તે પરદ્રવ્ય છે. આત્માનાં પરિણામ સુધારી, ખરું તો, મને પરથી સુખ નથી, સુખ આત્મામાં ભરેલું છે એમ સમજી પોતાને ધર્મ કરવા જેવો છે.

પોતાથી હિંમત રાખીને, હું મારા પોતાથી જ છું, કોઈ કોઈને શરણ આપતું નથી એમ સમાધાન કરવું તે જ ખરું કરવાનું છે. વીજળીના ઝબકારા જેવું આ આયુષ્ય છે.

શ્રીમદ્‌જીએ કહ્યું છે કે –

"વિદ્યુત લક્ષ્મી પ્રભુતા પતંગ, આયુષ્ય તે તો જળના તરંગ;"

આ લક્ષ્મી વીજળી જેવી છે અને આયુષ્ય જળના તરંગ જેવું છે.

"પુરંદરી ચાપ અનંગ રંગ, શું રાચિયે જ્યાં ક્ષણનો પ્રસંગ."

બહારમાં ક્યાંય રોકાવા જેવું નથી. એક આત્માનું શરણ તે ખરું શરણ છે. પરમાં મારું-મારું કરે, પણ ત્યાં કાંઈ મારું નથી. માટે શાસ્ત્રમાં ચિત્ત લગાવી આત્મા કેમ ઓળખાય ? હવે આવાં જન્મ-મરણ કેમ નાશ થાય ? જન્મ-મરણનો અંત કેમ આવે ? એ માર્ગ ગોતી લેવા જેવો છે, સંસારની અંદર ખરું તો તે કરવાનું છે.

આત્માને કોઈ પરપદાર્થની જરૂર નથી, પોતે માની બેઠો છે કે મને પરથી સુખ થાય, પણ સુખ આત્મામાં ભરેલું છે.

"હું એક શુદ્ધ સદા અરૂપી, જ્ઞાન-દર્શનમય ખરે."

હું જ્ઞાન-દર્શનથી ભરેલો શુદ્ધ, અરૂપી આત્મા છું.

"કંઈ અન્ય તે મારું જરી, પરમાણુમાત્ર નથી અરે !"

પરમાણુમાત્ર પણ કાંઈ પોતાનું નથી. એક પરમાણુ પણ પોતાનો નથી, ત્યાં બીજું પોતાનું ક્યાંથી થાય ? માત્ર કલ્પનાથી એકત્વબુદ્ધિના રાગને લઈને પોતાના માને છે. પણ પરિણામ પલટાવ્યા વગર છૂટકો નથી. આકુળતા અને વેદન વધારે કરે તો ઊલટું કર્મબંધ વધારે થાય છે. વહેલું કે મોડું પરિણામ પલટાવીને શાંતિ રાખ્યે છૂટકો છે.

## બાળ વિભાગ

# સગર ચક્રવર્તી અને ૬૦ હજાર રાજકુમારોનો વૈરાગ્ય

**(જીવને ધર્મમાં જે મદદ કરે તે સાચો મિત્ર)**

આ ભરતક્ષેત્રમાં પ્રથમ તીર્થંકર ભગવાન ઋષભદેવ થયા, તેમના પુત્ર ભરત પ્રથમ ચક્રવર્તી થયા. ત્યારબાદ બીજા તીર્થંકર અજિતનાથ થયા, તેમના શાસનકાળમાં સગર નામના બીજા ચક્રવર્તી થયા.

સગર ચક્રવર્તી પૂર્વભવમાં વિદેહક્ષેત્રમાં જયસેન નામના રાજા હતા. તેમને તેના બંને પુત્રો ઉપર અપાર સ્નેહ હતો, તેમાં એક પુત્રનું મરણ થતા તેઓ મૂર્છિત થઈ ગયા,પછી શરીરને દુઃખનું ઘર સમજીને જન્મ-મરણથી મુક્ત થવાવાળી મુનિદીક્ષા ધારણ કરી લીધી. ત્યારે તેમના સાળા મહારૂપે પણ તેમની સાથે દીક્ષા લીધી તેમના સાથે બીજા હજારો રાજાઓએ દીક્ષા અંગીકાર કરી મુનિ થયા અને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ શુદ્ધ મોક્ષમાર્ગની સાધના કરવા લાગ્યા.

જયસેન અને મહારૂપ—આ બંને મુનિરાજ સમાધિ-મરણપૂર્વક દેહ છોડીને સોળમાં અચ્યુત સ્વર્ગમાં દેવ થયા. તે બંને એકબીજાના મિત્ર હતા અને જ્ઞાન-વૈરાગ્યની ચર્ચા કરતા હતા. એકવાર તેમણે પ્રતિજ્ઞા કરી કે આપણા બંનેમાંથી જે પૃથ્વી પર પહેલો અવતાર લઈ મનુષ્ય થાય ત્યારે બીજો દેવ તેને પ્રતિબોધશે. આ પ્રમાણે ધર્મમાં મદદ કરવાની બંને મિત્રોએ એક-બીજા સાથે પ્રતિજ્ઞા કરી. સત્ય છે કે **સાચો મિત્ર તે જ કે જે ધર્મમાં મદદ કરે.**

હવે તે બંનેમાંથી પ્રથમ જયસેન રાજાના જીવે બાવીસ સાગરોપમ સુધી દેવલોકનું સુખ ભોગવીને આયુષ્ય પૂર્ણ થતા મનુષ્યલોકમાં અવતાર લીધો. ભરતક્ષેત્રમાં પણ તે જ ભૂમિમાં કે જ્યાં પ્રથમ અને બીજા તીર્થંકર અને ભરત ચક્રવર્તીએ અવતાર લીધો હતો તે અયોધ્યા નગરીમાં અવતાર લીધો. તેમનું નામ હતું સગરકુમાર. તેઓ બીજા ચક્રવર્તી થયા અને છ ખંડ ઉપર રાજ્ય કરવા લાગ્યા. તે ચક્રવર્તીને અત્યંત પુણ્યવાન ૬૦ હજાર પુત્ર હતા, તેઓ સર્વે ઉત્તમ ધર્મસંસ્કારી હતા.

એકવાર કોઈ મુનિરાજને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું અને તેમનો ઘણો મોટો ઉત્સવ મનાવવામાં આવ્યો, કેટલાક દેવ તે ઉત્સવમાં આવ્યા હતા. તેમાં મણિકેતુ નામનો દેવ કે જે સગર ચક્રવર્તીનો મિત્ર હતો તે પણ આવ્યો. કેવલી ભગવાનની વાણી સાંભળી તેને

જાણવાની ઈચ્છા થઈ કે મારો મિત્ર ક્યાં છે ? ઈચ્છા થતા જ તેણે અવધિજ્ઞાનથી જાણી લીધું કે તે જીવ પુણ્યોદયથી અયોધ્યા નગરીમાં સગર નામનો ચક્રવર્તી થયો છે.

હવે તે દેવને પૂર્વભવમાં કરેલી પ્રતિજ્ઞા યાદ આવી અને પોતાના મિત્રને પ્રતિબોધવા માટે તે અયોધ્યા નગરીમાં આવ્યો. આવીને તેણે સગર ચક્રવર્તીને કહ્યું કે —

“હે મિત્ર ! તને યાદ છે ? આપણે બંને સ્વર્ગમાં એક સાથે હતા અને આપણે બંનેએ નક્કી કર્યું હતું કે આપણામાંથી જે પૃથ્વી પર પહેલા અવતાર લેશે તેને સ્વર્ગમાં રહેવાવાળો સાથી તેને પ્રતિબોધશે. હે ભવ્ય ! તમે પૃથ્વી પર પહેલા અવતાર લીધો છે, પરંતુ મનુષ્યોમાં ઉત્તમમાં ઉત્તમ એવું ચક્રવર્તી પદ પ્રાપ્ત કરી ઘણો કાળ સુધી ભોગમાં ખોવાઈ ગયા છો. અરે ! સાંપના ફેણ સમાન આ ભોગથી આત્માને શું લાભ ? તેમાં થોડું પણ સુખ નથી, માટે હે રાજન્ ! હવે આ ભોગ છોડીને મનુષ્ય સુખ માટે ઉદ્યમ કરો. અરે ! અચ્યુત સ્વર્ગના દૈવી વૈભવ અસંખ્ય વર્ષો સુધી ભોગવ્યા છતાં પણ હજુ તૃપ્તિ નથી થઈ. આ રાજ્યવૈભવ તો તેના આગળ કાંઈપણ નથી. માટે તેનો મોહ છોડી હવે મોક્ષમાર્ગમાં લાગો.

પોતાના મિત્ર મણિકેતુ દેવના આવા હિતદાયી વચનોને પણ તે સગર ચક્રવર્તીએ લક્ષમાં લીધા નહીં. તે વિષયોમાં આસક્ત અને વૈરાગ્યથી વિમુખ જ રહ્યા.

મિત્રની આવી દશા જોઈને, “આને હજુ મુક્તિનો માર્ગ દૂર છે”—એમ વિચાર કરી તે દેવ પોતાના સ્થાને ચાલ્યો ગયો. સત્ય જ છે કે જ્ઞાની પુરુષ બીજાના અહિતની તો વાત કરતા જ નથી, પરંતુ હિતની વાત યોગ્ય સમય વિચાર કરી જ કરે છે. અરે ધિક્કાર છે આવા સંસારને કે જેની લાલસા મનુષ્યને પોતાના વચનથી ચ્યુત કરી દે છે. સગર ચક્રવર્તી જ્ઞાની હતા તોપણ તેઓ ભોગ આસક્તિને કારણે ચારિત્રદશા લેવા તૈયાર થયા નહીં.

ઘણા સમય પછી, તે મણિકેતુ દેવ ફરીથી પૃથ્વી પર આવ્યો અને મિત્રને સંસારથી વૈરાગ્ય કરાવી મુનિદશા અંગીકાર કરાવવા માટે તેણે આ વખતે બીજો ઉપાય વિચાર્યો. તેણે ચારણઋદ્ધિધારી મુનિનું રૂપ ધારણ કર્યું. તે તેજસ્વી મુનિરાજ અયોધ્યા નગરીમાં આવ્યા અને સગર ચક્રવર્તીના ચૈત્યાલયમાં જિનેન્દ્ર ભગવાનના વંદન કરી સ્વાધ્યાય કરવા બેસી ગયા. તે સમયે સગર ચક્રવર્તી પણ ચૈત્યાલયમાં આવ્યા અને મુનિરાજને જોયા, મુનિને જોઈ તેમને ખૂબ જ આશ્ચર્ય થયું અને ભક્તિથી નમસ્કાર કરી પૂછ્યું.

પ્રભુ ! આપનું રૂપ તો અદ્ભુત છે, આપે આટલી નાની ઉંમરમાં જ મુનિદીક્ષા કેમ લઈ લીધી ?

તે સમયે અત્યંત વૈરાગ્યથી તે ચારણઋદ્ધિધારી મુનિરાજે કહ્યું કે—હે રાજન્ ! દેહનું

રૂપ તો પુદ્ગલની રચના છે અને આ યુવાનીનો કોઈ ભરોસો નથી, યુવાની બાદ વૃદ્ધાવસ્થા આવશે જ, તેનો મને વિશ્વાસ નથી. આયુષ્ય તો પ્રતિક્ષણ ઘટતું જ જાય છે. શરીર તો મળનું ઘર છે, વિષયોના પાપથી ભરેલું છે, તેમાં દુઃખ જ છે—આ અપવિત્ર, અનિત્ય અને પાપમય સંસારનો મોહ કેમ ? આ છોડવા જેવો જ છે.

વૃદ્ધાવસ્થાની રાહ જોતા થકા ધર્મમાં આળસ કરી બેઠા રહેવું તો મૂર્ખતા છે. પ્રિય વસ્તુનો વિયોગ અને અપ્રિય વસ્તુનો સંયોગ સંસારમાં ચાલ્યા જ કરે છે. સંસારમાં કર્મરૂપી શત્રુ દ્વારા જીવની એવી દશા થાય છે. માટે આત્મધ્યાનરૂપી અગ્નિવડે તે કર્મને બાળી અવિનાશી મોક્ષપદ પ્રગટ કરો. હે રાજન્ ! તમે પણ આ સંસારનો મોહ છોડી મોક્ષ સાધવા માટે ઉદ્યમ કરો.

મુનિવેશમાં રહેલા પોતાના મિત્ર મણિકેતુ દેવની વૈરાગ્યભરી વાત સાંભળી સગર ચક્રવર્તી સંસારથી ભયભીત તો થયા પરંતુ ૬૦ હજાર પુત્રોના તીવ્ર સ્નેહવશ તેઓ મુનિદીક્ષા ન લઈ શક્યા. અરે ! સ્નેહનું બંધન કેટલું મજબૂત છે. રાજાનો આ મોહ જોઈ મણિકેતુને ખેદ થયો અને ''હજુ પણ આનો મોહ બાકી છે''–એવો વિચાર કરી પાછો ચાલ્યો ગયો.

અરે ! જુઓ તો ખરા ! આ સામ્રાજ્યની તુચ્છ લક્ષ્મીને વશ ચક્રવર્તી પૂર્વભવના અચ્યુત સ્વર્ગની લક્ષ્મીને પણ ભૂલી ગયો. આ સ્વર્ગની વિભૂતિના આગળ આ રાજ્ય-સંપદાનું શું મૂલ્ય કે જેના મોહમાં આ જીવ ફસાયેલો છે, પરંતુ મોહી જીવ સારા-નરસાનો વિચાર નથી કરતો. આ ચક્રવર્તી આત્મજ્ઞાની હોવા છતાં પુત્રોમાં મોહિત થયો છે, પુત્રોના પ્રેમમાં એવો મોહિત થયો છે કે મોક્ષ માટે ઉદ્યમ કરવામાં આળસુ થઈ ગયો છે.

તે ચક્રવર્તીના સિંહબાળ સમાન શૂરવીર અને પ્રતાપવંત રાજપુત્રો એકવાર રાજ્યસભામાં આવ્યા અને વિનયપૂર્વક કહેવા લાગ્યા–''હે પિતાજી ! યુવાનીમાં શોભે– એવું કોઈ સાહસનું કાર્ય અમને બતાવો.

તે સમયે ચક્રવર્તીએ પ્રસન્ન થઈને કહ્યું –''હે પુત્રો ! ચક્ર દ્વારા આપણા સર્વે કાર્યો સિદ્ધ થઈ જાય છે. હિમવન પર્વત અને લવણસમુદ્રની મધ્યમાં (છખંડમાં) એવી કોઈ વસ્તુ નથી કે જે આપણે પ્રાપ્ત ન કરી શકીએ. માટે તમારા માટે એક જ કામ બાકી છે કે તમે આ રાજ્યલક્ષ્મીનો યથાયોગ્ય ભોગ કરો.''

(ક્રમશઃ)

## સુવર્ણપુરી સમાચાર :—

અધ્યાત્મતીર્થ સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અનંત ઉપકારમય પૂજ્ય સદ્ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમજ તેમના પરમ અનન્ય ભક્ત પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય પ્રતાપે, આશીર્વાદથી દેવ-ગુરુ-શાસ્ત્રની ધર્મની આરાધનામય રહે છે. તથા પં.રત્નશ્રી હિંમતભાઈ જે. શાહે બનાવેલા સુમધુર કાવ્યોથી વાતાવરણ ભક્તિમય રહે છે :—

| | | |
|---|---|---|
| પ્રાત : ૫-૪૫ થી ૬-૦૫ | : | પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઑડિયો-ટેપ |
| પ્રાત : ૭-૪૫ થી | : | શ્રી જિનેન્દ્ર પૂજા |
| સવારે ૮-૩૦ થી ૯-૩૦ | : | શ્રી સમયસાર ઉપર સોળમીવારનું પૂજ્ય ગુરુદેવશ્રીનું CD પ્રવચન |
| સવારે ૯-૪૫ થી ૧૦-૩૦ | : | ધાર્મિક શિક્ષણવર્ગ (ગુરુદેવશ્રીનાં વચનામૃત) |
| બપોરે ૩-૧૫ થી ૪-૧૫ | : | શ્રી પંચાસ્તિકાય ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD પ્રવચન |
| બપોરે ૪-૧૫ થી ૪-૪૫ | : | શ્રી જિનેન્દ્ર ભક્તિ |
| રાત્રે ૮-૦૦ થી ૯-૦૦ | : | યોગસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD પ્રવચન |

### અમેરિકામાં પૂજ્ય ગુરુદેવશ્રીની ૧૨૮મી જન્મજયંતી મહોત્સવ સાનંદ સંપન્ન

અમેરિકાના ફ્લોરિડા રાજ્યના ટેમ્પા શહેરમાં મે ૨૬ થી ૨૯, ૨૦૧૭ પર્યંત ચાર દિવસનો આધ્યાત્મિક સેમિનાર તથા પૂજ્ય ગુરુદેવશ્રીની ૧૨૮મી જન્મજયંતીનો મંગલમય પ્રસંગ સારી રીતે ઊજવાયો. અમેરિકાના દૂર દૂરના સ્થળેથી સાધર્મીઓ ઘણી મોટી સંખ્યામાં હાજર રહી ઉલટભેર આ પ્રસંગનો લાભ લીધેલો. ભારતથી નિમંત્રિત તથા અમેરિકાના વિદ્વાનોએ આ સેમિનારનું સંચાલન કરેલ.

### ❃ મંગલ પત્રિકાલેખન વિધિ ❃

પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના ૧૦૪મા જન્મોત્સવની નિમંત્રણ પત્રિકાની લેખનવિધિ તા. ૨૫-૬-૨૦૧૭ રવિવારના દિવસે સુવર્ણપુરી (સોનગઢ)માં વિવિધ મુમુક્ષુમડળોના સભ્યોની ઉપસ્થિતિમાં સંપન્ન થઈ. સવારે જિનમંદિરમાં સામુહિક પૂજન પછી પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન થયું ત્યારબાદ સર્વે મુમુક્ષુઓ સુરેન્દ્રનગરનિવાસી શ્રીમતી વર્ષાબેન નિરંજનભાઈ ડેલીવાળાના નિવાસસ્થાને ગયા. ત્યાંથી વાજતે-ગાજતે અત્યંત ઉત્સાહપૂર્વક નિમંત્રણ પત્રિકાને પરમાગમમંદિરમાં લાવવામાં આવી. નિમંત્રણ પત્રિકાનું વાંચન આયોજક શ્રી વઢવાણ, સુરેન્દ્રનગર (બંને), જોરાવરનગર, લીંબડી દિગંબર જૈન મુમુક્ષુમંડળો વતી શ્રી બ્ર. વ્રજલાલભાઈ શાહ વઢવાણે કર્યું ત્યારબાદ પત્રિકા-લેખન વિધિ ભક્તિમય વાતાવરણમાં સંપન્ન થઈ.

## (૪૮)

# પ્રૌઢ વ્યક્તિઓ માટેના પ્રશ્ન તથા ઉત્તર

નીચે આપેલ પ્રશ્નના કૌંસમાં આપેલ યોગ્ય વિકલ્પથી પૂર્ણ કરો.

(૧) અનંતાનુબંધી કષાયના અંતપૂર્વક બાકીના કષાયોનું અંશરૂપ મંદ થવું તે .............. છે. (પ્રશમ, સંવેગ, અનુકંપા)

(૨) વિકારીભાવ રહિત આત્મસ્થિરતાના ભાવ તે .............. ઉપયોગ છે. (અશુદ્ધ, શુદ્ધ, શુભ)

(૩) આગમની પ્રમાણતાથી વસ્તુના શ્રદ્ધાનનો વિચાર કરવો એ ............ વિચય ધર્મધ્યાનનો પ્રકાર છે. (આજ્ઞા, અપાય, સંસ્થાન)

(૪) ભરતક્ષેત્રમાં કુલ .......... આર્યખંડ છે. (છ, ચાર, એક)

(૫) વ્યંજન અને અર્થ એ ........... ના બે ભેદ છે. (દ્રવ્ય, ગુણ, પર્યાય)

(૬) અનંત ચતુષ્ટયને રોકવામાં નિમિત્તરૂપ કર્મને .......... કર્મ કહેવાય છે. (અઘાતિ, ઘાતિ, નોકર્મ)

(૭) કુંભકર્ણ મુનિ ............. સિદ્ધક્ષેત્રમાંથી મોક્ષ ગયા છે. (સિદ્ધવરકૂટ, ગજપંથા, બડવાની)

(૮) દ્રવ્યની દ્રવ્યતા ............. ગુણના કારણે કાયમ રહે છે. (અગુરુલઘુત્વ, પ્રદેશત્વ, પ્રમેયત્વ)

(૯) વિપરીત શ્રદ્ધાનરૂપ જીવના મલિનભાવ તે ............ છે. (દ્રવ્યકર્મ, ભાવકર્મ, નોકર્મ)

(૧૦) નેમિનાથ ભગવાનના શાસનકાળમાં ............... નારાયણ થયા હતા. (જરાસંઘ, રાવણ, શ્રીકૃષ્ણ)

(૧૧) દેવકૃત અતિશયમાં તીર્થંકર ભગવાનની વાણી ............ ભાષામાં પરિવર્તિત થાય છે. (૧૦૮, ૧૦૦૮, ૭૧૮)

(૧૨) પરિગ્રહના અતિસંગ્રહમાં આનંદ માનવો તથા તેને સાચવવાની ચિંતા કરવી એ ............... નો પ્રકાર છે. (ધર્મધ્યાન, રૌદ્રધ્યાન, આર્તધ્યાન)

(૧૩) બાર પ્રકારના તપમાં તત્ત્વસંબંધી પ્રશ્ન પૂછવો એ ............... નો પ્રકાર છે. (સ્વાધ્યાય, વ્યુત્સર્ગ, અવમૌદર્ય)

(૧૪) પાંચમા ગુણસ્થાનમાં .............. સંજ્ઞાઓ હોય છે. (૬, ૪, ૨)

(૧૫) ૨૫ કષાયો પૈકી નારકી જીવોને .............. કષાય હોય છે. (૨૨, ૧૮, ૨૩)

(૧૬) જેમાં ક્રિયાવતી શક્તિ નથી પરંતુ ભાવવતી શક્તિ છે તે ............ દ્રવ્ય છે. (પુદ્‌ગલ, કાળ, જીવ)

(૧૭) એક કાળમાં વધુમાં વધુ ............ તીર્થંકર હોઈ શકે છે. (૧૭૦, ૪૮, ૧૭૨)

(૧૮) વિદ્યમાન વીસ તીર્થંકર પૈકી ૧૯માં દેવયશસ્વામી પ્રતિમાનું ................ લાંછન છે. (સૂર્ય, હાથી, સ્વસ્તિક)

(૧૯) ચાંદીને છીપ કહેવી એ ............... જ્ઞાન છે. (વિપર્યય, સંશય, અનધ્યવસાય)

(૨૦) જ્ઞાની ધર્માત્માના શરીરને મેલા દેખીને ઘૃણા ન કરવી તેને .................. અંગ કહે છે. (ઉપગૂહન, વાત્સલ્ય, નિર્વિચિકિત્સા)

---

અધ્યાત્મવિદ્યાસ્થલી સોનગઢમાં—

## ❀ ધાર્મિક શિક્ષણવર્ગ ❀

અધ્યાત્મયુગસ્રષ્ટા પરમોપકારી પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીની પવિત્ર સાધના-સ્થલી શ્રી સુવર્ણપુરીમાં પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની ૧૦૪મી જન્મજયંતી (તા. ૫-૮-૨૦૧૭ થી તા. ૯-૮-૨૦૧૭)ના મંગલમય અવસર પ્રસંગે અધ્યાત્મવિદ્યાના પ્રૌઢ શિક્ષણાર્થી મહાનુભાવો માટે તા. ૩૧-૭-૨૦૧૭, સોમવારથી તા. ૯-૮-૨૦૧૭, બુધવાર—દસ દિવસનો ધાર્મિક શિક્ષણવર્ગ રાખેલ છે. શિક્ષણેચ્છુ મહાનુભાવોને સાદર આમંત્રણ છે.

સૂચના :—બહારગામથી આવતા શિક્ષણાર્થીઓ માટે આવાસ-ભોજન-વ્યવસ્થા નિઃશુલ્ક રાખેલ છે.

## (૪૮)

## બાળકો માટેના પ્રશ્નોત્તર

(ખાલી જગ્યા ભરો)

(નીચે આપેલ પ્રશ્નોના ઉત્તર છઢાળાની બીજી ઢાળમાંથી મળશે.)

(૧) પુણ્ય બંધાય એમાં .............. ને બંધન થાય છે.

(૨) વીતરાગતામાં જ .............. છે.

(૩) .............. સ્વભાવને ઓળખે ત્યારે મોક્ષની શ્રદ્ધા થાય છે.

(૪) અજ્ઞાની જીવો દુઃખના કારણભૂત .............. ભાવને નિરંતર સેવે છે.

(૫) સુખના કારણરૂપ ..............ને ક્ષણ પણ સેવતા નથી.

(૬) ..............નું સેવન કર અને .............. ભાવોને છોડો.

(૭) શુભરાગની પ્રીતિથી .............. મળે છે.

(૮) ચૈતન્યની પ્રીતિથી .............. મળે છે.

(૯) ધર્મી પોતાને સદાય હું .............. છું એમ જાણે છે.

(૧૦) ચૈતન્યમાં લીન મુનિઓ .............. ભાવથી મહાન .............. છે.

(૧૧) .............. .............. .............. ત્રણે રાગ વગરના .............. છે.

(૧૨) મોક્ષનું કારણ .............. સુખરૂપ હોય.

(૧૩) .............. રૂપ ધર્મ સાધીને જીવો મુક્ત થયા.

(૧૪) હે જીવ તું .............. માં ગમાડ તેમાં .............. છે.

(૧૫) ..............ની નિરાકુળતાનો સ્વાદ લે ત્યારે જીવ .............. છે.

(૧૬) સુખ .............. માંથી અનુભવાય છે.

(૧૭) ઈચ્છા તે .............. રૂપ છે.

(૧૮) સિદ્ધ ભગવાન મોક્ષમાં ..............ને ભોગવે છે.

(૧૯) સંસારી જીવો .............. અને .............. કરીને દુઃખ ભોગવે છે.

(૨૦) ધર્મીને તીર્થંકર પ્રકૃતિ .............. થી બંધાય છે .............. થી નહીં.

# બાળકો માટેના આપેલ પ્રશ્ન જૂન–૨૦૧૭ના ઉત્તર

| | |
|---|---|
| (૧) સમ્મેદશિખરજી | (૧) વીસ જિનેશ્વર |
| (૨) પાવાપુરી | (૨) મહાવીર ભગવાન |
| (૩) ચંપાપુરી | (૩) વાસુપૂજ્ય ભગવાન |
| (૪) ગિરનારજી | (૪) નેમિનાથ ભગવાન |
| (૫) કૈલાસ પર્વત | (૫) આદિનાથ ભગવાન |
| (૬) માંગીતુંગી | (૬) રામ, હનુમાન, સુગ્રીવ, નીલ, મહાનીલ |
| (૭) શત્રુંજય | (૭) તીન પાંડવ મુનિરાજ |
| (૮) પાવાગઢ | (૮) લવ, કુશ મુનિરાજ |
| (૯) કુંથલગિરિ | (૯) દેશભૂષણ, કુલભૂષણ મુનિરાજ |
| (૧૦) સોનાગિરિ | (૧૦) નંગ, અનંગકુમાર |
| (૧૧) ગજપંથા | (૧૧) સાત બલભદ્ર |
| (૧૨) સિદ્ધવરકૂટ | (૧૨) બે ચક્રી, દસ કામકુમાર |
| (૧૩) દ્રોણગિરિ | (૧૩) ગુરુદત્તાદિ મુનિશ્વર |
| (૧૪) મથુરા | (૧૪) જંબૂસ્વામી |
| (૧૫) ગિરનાર શિખર | (૧૫) શંબુ, પ્રદ્યુમ્ન, અનિરુદ્ધ |
| (૧૬) બડવાની | (૧૬) ઈન્દ્રજિત, કુંભકર્ણ |
| (૧૭) અષ્ટાપદ | (૧૭) બાલી, મહાબાલી, નાગકુમાર |
| (૧૮) રેસંદીગિરિ | (૧૮) વરદત્ત આદિ પાંચ ઋષિરાજ |
| (૧૯) પાવાગીરીવર | (૧૯) સુવર્ણભદ્રાદિ ચાર મુનિ |
| (૨૦) પોદનપુર | (૨૦) બાહુબલીજી |

**શ્રી વઢવાણ, સુરેન્દ્રનગરના (બંને), જોરાવરનગર, લીંબડી**
**દિગંબર જૈન મુમુક્ષુ મંડળો, દ્વારા**
**અધ્યાત્મ અતિશયક્ષેત્ર સોનગઢમાં સાનંદ ઊજવવામાં આવનાર**
**પ્રશમમૂર્તિ ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનો**

# ૧૦૪મો જન્મજયંતી મહોત્સવ

અધ્યાત્મયુગપ્રવર્તક પરમોપકારી પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના પરમ ભક્ત, સ્વાનુભવવિભૂષિત, ધન્યાવતાર પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની દેવગુરુમહિમા તથા સ્વાનુભૂતિમાર્ગપ્રકાશિની ઉપકાર-કિરણાવલી આપણા સાધનાપથને સદૈવ આલોકિત કરતી રહે છે. તે ઉપકૃતતાની ભક્તિભીની ભાવનાને વિશેષ દૃઢ કરવા તેઓશ્રીની ૧૦૪મી જન્મજયંતી આ વર્ષે શ્રી વઢવાણ, સુરેન્દ્રનગર (બંને) જોરાવરનગર, લીંબડી મુમુક્ષુમંડળો દ્વારા ઊજવવામાં આવશે. પૂજ્ય બહેનશ્રીની આ ૧૦૪મી જન્મજયંતી (શ્રાવણ વદ ૨)નું આયોજન તા. ૫-૮-૨૦૧૭, શનિવારથી તા. ૯-૮-૨૦૧૭, બુધવાર—પાંચ દિવસ સુધી શ્રી પંચ-બાલયતિ પૂજન વિધાન, અધ્યાત્મ-જ્ઞાનોપાસના અને દેવ-ગુરુ-ભક્તિ આદિ વિવિધ કાર્યક્રમ સહ સંપન્ન થશે. આ અવસર પર પૂજ્ય ગુરુદેવશ્રીનાં સ્વાનુભવરસભીનાં કલ્યાણકારી સીડી પ્રવચનો, પૂજ્ય બહેનશ્રીની સ્વાનુભવરસભીની વિડિયો ધર્મચર્ચા, સમાગત વિદ્વાનો દ્વારા શાસ્ત્રપ્રવચન, વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમ, વિવિધ ભજનમંડળીઓ દ્વારા થનાર જિનેન્દ્ર તથા પ્રાસંગિક ભક્તિ, તા. ૩૧-૭-૨૦૧૭ થી ૯-૮-૨૦૧૭—દસ દિવસ સુધી ચાલનાર ધાર્મિક શિક્ષણવર્ગ—ઈત્યાદિ અનેકવિધ કાર્યક્રમોનો પણ સમાગત મુમુક્ષુ મહેમાનોને લાભ મળશે. સમાગત મહેમાનો માટે આવાસ-ભોજન વ્યવસ્થા નિઃશુલ્ક રાખવામાં આવેલ છે. સર્વે સાધર્મીઓને સોનગઢ પધારવા અમારો હાર્દિક અનુરોધ છે.

(નિમંત્રણ પત્રિકાની લેખનવિધિ તા. ૨૫-૬-૨૦૧૭, રવિવારના રોજ સોનગઢમાં સાનંદ સંપન્ન થઈ.)

નિમંત્રક :
શ્રી વઢવાણ, સુરેન્દ્રનગર(બંને), જોરાવરનગર, લીંબડી
દિગંબર જૈન મુમુક્ષુમંડળના
જય જિનેન્દ્ર

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર

● ભગવાનની મૂર્તિની જેમ ભગવાનના આગમનું બહુમાન જોઈએ. આગમ એ મુનિઓનો અક્ષરદેહ છે. ૨૩૫.

● જ્ઞાનમાં જેમ જેમ સમજણ દ્વારા ભાવભાસન વધતું જાય છે તેમ તેમ જ્ઞાનનું સામર્થ્ય વધતું જાય છે અને એ વધતાં જતાં જ્ઞાન સામર્થ્ય વડે મોહ શિથિલ થતો જાય છે. જ્ઞાન જ્યાં સમ્યક્પણે પરિણમે છે, ત્યાં મોહનો સમૂહ નાશ પામે છે. માટે જ્ઞાનથી જ આત્માની સિદ્ધિ છે. જ્ઞાન સિવાય બીજું કોઈ આત્મસિદ્ધિનું સાધન નથી. ૨૩૬.

● બીજા જીવને નિંદા કરવાનો ભાવ એ તો આસ્રવ છે અને કાગળમાં લખાણ આવે એ પણ પુદ્‌ગલની પર્યાય છે. એમાં સામો જીવ ક્યાંય આવતો નથી અને અહીં વિકલ્પ ઉઠે અસ્થિરતાનો એ ક્યાં આત્મા છે ? ઈ તો આસ્રવ છે. આ રીતે જ્ઞાની સામે ગમે તેવો વિરોધી જીવ હોય તોપણ એને પૂર્ણ આત્મા તરીકે જ જુએ છે, આનું નામ વીતરાગી સમતા છે. આવા જ્ઞાન વિના સહજ સમતા થઈ શકે નહીં. ૨૩૭.

● મરણ થવા છતાં જેની કિંમત કરી હશે તે નહીં છૂટે. રાગ-દ્વેષ અને સંયોગની કિંમત કરી હશે તો તે નહીં છૂટે, આત્માની કિંમત કરી હશે તો તે નહીં છૂટે, જેનું મૂલ્ય આવ્યું હશે તે છૂટશે નહીં. ૨૩૮.

● જે વિચિક્ષણતા આત્માને દુઃખથી મુક્ત ન કરે તે વિચિક્ષણતા શેની ? ૨૩૯.

● ધન રળવાનો કાળ છે ઈ તો મરવાનો કાળ છે. આ તો કમાવાનો કાળ છે, આત્માના આનંદને કમાવાનો કાળ છે એને ચૂકીશ નહીં. ૨૪૦.

● શુભરાગની મીઠાશ જીવને મારી નાખે છે અને પરસત્તાવલંબી જ્ઞાનની મીઠાશ પણ જીવને મારી નાખે છે. ૨૪૧.

● જેણે જીવન કાળમાં સંયોગનો વિયોગ સાથે જ ભાવ્યો છે, અનુકૂળતામાં પણ એના વિયોગની ભાવના ભાવી છે તેને તેના વિયોગકાળે ખેદ નહિ થાય. ૨૪૨.

● દેહ તો તને છોડશે જ પણ તું દેહને (દૃષ્ટિમાં) છોડ એની બલિહારી છે....આ તો શૂરવીરના ખેલ છે. ૨૪૩.

આત્મધર્મ
જુલાઈ-૨૦૧૭
અંક-૧૧ ● વર્ષ-૧૧

Posted at Songadh PO
Publish on 1-7-2017
Posted on 1-7-2017

Registered Regn. No. BVR-367/2015-2017
Renewed upto 31-12-2017
RNI Registration No. GUJGUJ/2006/18667
વાર્ષિક લવાજમ રૂા. ૯/- આજીવન લવાજમ રૂા. ૧૦૧/-




**Printed & published by Hasmukhbhai Popatlal Vora on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.**

**Editor : Anantrai Vrajlal Shah.**

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
**SONGADH**-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662

**www.kanjiswami.org**
**email : contact@kanjiswami.org**